शिक्षा मंत्रालय
MINISTRY OF
EDUCATION

सत्यमेव जयते



# શિક્ષકો માટેના રાષ્ટ્રીય વ્યાવસાયિક ધોરણો (NPST)

**Gujarati/ગુજરાતી**

*NPST માર્ગદર્શક દસ્તાવેજ, 2023*

**ફકરો ૫.૨૦, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦**

"એનસીટીઈ NCTE દ્વારા એનસીઈઆરટી એસસીઈઆરટી NCERT, SCERT બધાં સ્તર અને ક્ષેત્રોના શિક્ષકો, શિક્ષકોની તૈયારી અને વિકાસ હેતુ, સંસ્થાનો અને ઉચ્ચતર શિક્ષણ સંસ્થાનો સાથે વાતચીતથી સામાન્ય ધોરણ પરિષદ (GEC) હેઠળ તેના પુનર્ગઠન નવા સ્વરૂપમાં નેશનલ પ્રોફેશનલ સ્ટાન્ડર્ડ્સ ફોર ટીચર્સ (NPST)નો એક સામાન્ય માર્ગદર્શક સમૂહ વર્ષ ૨૦૨૨ સુધીમાં વિકસાવવામાં આવશે. આ ધોરણોમાં કુશળતા/તબક્કાના વિવિધ સ્તરે શિક્ષકની ભૂમિકાની અપેક્ષાઓ અને તે તબક્કા માટે જરૂરી ક્ષમતાઓને આવરી લેવામાં આવશે. તેમાં તેના માટેના માપદંડોનો પણ સમાવેશ થશે. દરેક તબક્કા માટે કામગીરીનું મૂલ્યાંકન સમયાંતરે હાથ ધરવામાં આવશે. એનપીએસટી NPST, પૂર્વ સેવા પ્રશિક્ષણ કાર્યક્રમોના માળખાંની પણ જાણકારી આપશે. ત્યારબાદ રાજ્યો દ્વારા તેને અપનાવી શકાય છે અને શિક્ષક કારકિર્દી વ્યવસ્થાપનનાં તમામ પાસાંઓ નક્કી કરી શકાય છે, જેમાં કાર્યકાળ, વ્યાવસાયિક વિકાસના પ્રયાસો, પગાર વધારો, બઢતી અને અન્ય માન્યતાનો સમાવેશ થાય છે. બઢતી અને પગાર વધારો કાર્યકાળ કે વરિષ્ઠતાના આધારે નહીં થાય, પરંતુ આવા મૂલ્યાંકનના આધારે જ થશે. વ્યાવસાયિક ધોરણોની સમીક્ષા કરવામાં આવશે અને વર્ષ ૨૦૩૦માં રાષ્ટ્રીય સ્તરે વ્યાવસાયિક ધોરણોની સમીક્ષા અને સંશોધન કરવામાં આવશે અને ત્યારબાદ દર દસ વર્ષોમાં વ્યવસ્થાની ગુણવત્તાનું ઘનિષ્ઠ અનુભવ આધારિત વિશ્લેષણ કરવામાં આવશે અને તેમાં આવશ્યક સુધારો કરવામાં આવશે."

"સારી શૈક્ષણિક સંસ્થા એ છે કે જેમાં પ્રત્યેક વિદ્યાર્થીને ભાવપર્ણૂ આવકાર મળે અને તેની વ્યક્તિગત કાળજી લેવાય, જ્યાં એક પ્રકારનું સુરક્ષિત અને પ્રેરણાત્મક શૈક્ષણિક વાતાવરણ હોય, જ્યાં તમામ વિદ્યાર્થીઓને શીખવા માટે વિવિધ પ્રકારના અનુભવો ઉપલબ્ધ કરાવવામાં આવતા હોય, જ્યાં શીખવા માટે સારા મૂળભૂત માળખા અને જરૂરી સંસાધનો ઉપલબ્ધ હોય. આ બધું પ્રાપ્ત કરવું એ પ્રત્યેક શૈક્ષણિક સંસ્થાનું લક્ષ્ય હોવું જોઈએ અને આ સાથે જ વિવિધ સંસ્થાઓ વચ્ચે અને શિક્ષણના પ્રત્યેક સ્તર પર પરસ્પર સાહજિક જોડાણ અને સહકાર આવશ્યક છે."

*"A good education institution is one in which every student feels welcomed and cared for, where a safe and stimulating learning environment exists, where a wide range of learning experiences are offered, and where good physical infrastructure and appropriate resources conducive to learning are available to all students. Attaining these qualities must be the goal of every educational institution. However, at the same time, there must also be seamless integration and coordination across institutions and across all stages of education".*

**Dharmendra Pradhan**
Hon'ble Education Minister;
Skill Development and
Entrepreneurship
Government of India
Shastri Bhawan
New Delhi-110001

सत्यमेव जयते

**ધર્મેન્દ્ર પ્રધાન**
માનનીય શિક્ષણ મંત્રી
કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિક
મંત્રાલય
ભારત સરકાર
શાસ્ત્રી ભવન
નવી દિલ્હી - 110001



## સંદેશ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ રાષ્ટ્રના શૈક્ષણિક ઉત્કૃષ્ટતાની દિશામાં માર્ગદર્શક તરીકે કાર્ય કરે છે. જેની દિર્ઘદ્રષ્ટિ, શિક્ષકના શિક્ષણ માટે વ્યવસ્થાનો માર્ગ ખોલે છે જે ફક્ત જ્ઞાન આપવાને બદલે આત્મસાત કરવાની લગન, ચિંતનશીલતા અને સર્જનાત્મકતા પણ જોડે છે - જે ગુણો ૨૧મી સદીના પડકારો તેમજ તકોને પહોંચી શકે તેવા શિક્ષકોને તૈયાર કરવા માટે અનિવાર્ય છે.

ભાવિ પેઢીની  બૌદ્ધિક ક્ષમતાને ઘડવામાં શિક્ષકોની મહત્વપૂર્ણ ભૂમિકા સ્વીકારીને આ નીતિ શિક્ષકોને આવશ્યક સાધનો અને જ્ઞાનથી સજ્જ કરવું સર્વોપરી છે એ માન્ય કરે છે. શિક્ષકો માટે વ્યાવસાયિક  માપદંડ શિક્ષણની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે જરૂરી તેવી અસરકારક શિક્ષણ  માટેની અપેક્ષાઓ અને માર્ગદર્શિકાઓ દર્શાવે છે. આ માપદંડ શિક્ષકોની કુશળતા, જ્ઞાન અને યોગ્યતાઓના આકારણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

રાષ્ટ્રીય શિક્ષક શિક્ષણ પરિષદ (NCTE) એ શિક્ષકો રાષ્ટ્રીય માટે વ્યાવસાયિક ધોરણો (NPST) માર્ગદર્શક દસ્તાવેજ વિકસાવ્યો છે, (શિક્ષકો માટેના રાષ્ટ્રીય વ્યાવસાયિક માપદંડ) વિકસાવ્યુ છે, જે માર્ગદર્શક સિદ્ધાંતોનો સાગર છે, જેમાં વિવિધ સ્તરોની નિપુણતા અને વ્યાવસાયિક કારકિર્દીનાં વિવિધ તબક્કાઓમાં શિક્ષકની ભૂમિકા માટે અપેક્ષિત જવાબદારીઓ અને કુશળતાની વ્યાખ્યા કરવામાં આવે છે. આ કારણે, સક્ષમ અને ગતિશીલ શિક્ષણબળના વિકાસ માટે આ માપદંડ તરીકે સેવા આપે છે.

મને વિશ્વાસ છે કે સતત પ્રયાસોથી, આપણા રાષ્ટ્રનું શૈક્ષણિક પરિપ્રેક્ષ્ય ફલશ્રુતિ સમ સબળ પરિવર્તનોનો સાક્ષી બનશે જે ભવિષ્યની પેઢીઓને લાભ આપશે.

**ધર્મેન્દ્ર પ્રધાન**

## સંદેશ



**અન્નપૂર્ણા દેવી**
માનનીય રાજ્ય શિક્ષણ મંત્રીશ્રી
શિક્ષણ મંત્રાલય
ભારત સરકાર

શિક્ષકો માટેના રાષ્ટ્રીય વ્યાવસાયિક માપદંડ (NPST) શિક્ષણ વ્યવસાયને ઉચ્ચ સ્તરે લઈ જવા અને બધા માટે ગુણવત્તાવાળું શિક્ષણ સુનિશ્ચિત કરવા માટેની પ્રતિબદ્ધતામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નન છે. આ NPST માર્ગદર્શક દસ્તાવેજ શિક્ષણકારો, નિષ્ણાતો, નિષ્ણાત સંસ્થાઓ અને ક્ષેત્રના અન્ય હિતધારકો સાથે સખત પરામર્શ, સંશોધન અને સહકાર સાથે રચવામાં આવ્યો છે. આ માપદંડ જરૂરી જ્ઞાન, કૌશલ્ય અને અભિગમને સમાવે છે જે 21મી સદીમાં અસરકારક શિક્ષણને વ્યાખ્યાયિત કરે છે. NPST માર્ગદર્શક દસ્તાવેજ એક વ્યાપક માળખું પ્રદાન કરે છે જે શિક્ષકો માટે સ્પષ્ટ અપેક્ષાઓ પુરી પાડે છે તેમજ નૈતિકતા અને મૂલ્યો, વિષય જ્ઞાન અને કારકિર્દી વ્યવસ્થાપન માટે પુરાવા સંકલનના સતત સુધારાના સંસ્કારને પ્રોત્સાહન આપે છે.

હું રાષ્ટ્રીય શિક્ષક શિક્ષણ પરિષદ (NCTE) અને બધા હિતધારકોને હાર્દિક અભિનંદન પાઠવું છું જેઓએ આ માપદંડોના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

---

## સંદેશ



**સંજય કુમાર IAS**
સચિવશ્રી
શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ
શિક્ષણ મંત્રાલય
ભારત સરકાર

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ એ ભારતમાં શિક્ષકોના શિક્ષણ ક્ષેત્રે પરિવર્તનકારી સુધારાઓ આણ્યા છે. સર્વે માટે સંપૂર્ણ અને ગુણવત્તાયુક્ત શિક્ષણના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે, આ નીતિએ શિક્ષણ વ્યવસાયના વિકાસ પર વિશેષ ભાર મૂક્યો છે જે મુજબ શિક્ષકોને બધા સુધારાના કેન્દ્રસ્થાને મૂક્યા છે. રાષ્ટ્રીય શિક્ષક શિક્ષણ પરિષદ (NCTE) એ NEP ૨૦૨૦ના બધા લક્ષ્યોને ધ્યાનમાં રાખીને, શિક્ષકો માટેના રાષ્ટ્રીય વ્યાવસાયિક માપદંડ (NPST) માટે એક સુવિચારિત સામાન્ય સહમત હાંસલ કરવા માટે એક વ્યાપક માર્ગદર્શક દસ્તાવેજ (શિક્ષકો માટેના રાષ્ટ્રીય વ્યાવસાયિક માપદંડ) તરીકે વિકસાવ્યો છે. વિવિધ હિતધારકો સાથે ચર્ચાઓ/વિચારણાઓ અને સહકારની શ્રેણી પર આધારિત, આ દસ્તાવેજ નીચેથી ઉપર સુધીના અભિગમ અને વિવિધ સ્તરે સંશોધનને અનુસરીને તૈયાર કરવામાં આવ્યો છે.

મને આશા છે કે આ માર્ગદર્શક દસ્તાવેજ શિક્ષકોની કુશળતા વિકસાવવામાં એક પ્રેરક તરીકે કાર્ય કરશે અને તેમને વૈશ્વિક ધોરણોના સમકક્ષ શિક્ષક બનવા માટે સક્ષમ બનાવશે.

NCTE અને આ કાર્યમાં સંકળાયેલા તમામ હિતધારકોને હું હાર્દિક અભિનંદન પાઠવું છું.



**પ્રા. યોગેશ સિંહ**

અધ્યક્ષ,

રાષ્ટ્રીય શિક્ષક શિક્ષણ પરિષદ,

નવી દિલ્હી.

## સંદેશ

NEP ૨૦૨૦ ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષણ પર ભાર મૂકે છે, જે ૨૧મી સદીના કૌશલ સમૂહ અને શિક્ષકોના કાર્યના વ્યાપને દર્શાવે છે. શિક્ષકો માટેના રાષ્ટ્રીય વ્યાવસાયિક માપદંડ (NPST) પર માર્ગદર્શક દસ્તાવેજ (શિક્ષકો માટેના રાષ્ટ્રીય વ્યાવસાયિક માપદંડ)ના વિકાસનો હેતુ અમારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક લક્ષ્યોને પૂર્ણ કરવા માટે કુશળ શિક્ષકોની રચના તરફ છે. NPST શિક્ષકો માટે તેમના કાર્ય અને વ્યવહારમાં સર્વોચ્ચ ધોરણો પ્રાપ્ત કરવા માટે જવાબદાર બનવા માટેનું એક માળખું પ્રદાન કરે છે. NPSTમાં વ્યાખ્યાયિત સામાન્ય ધોરણો નૈતિક મૂલ્યો અને આદર્શો, મજબૂત વિષય જ્ઞાન, વ્યાવસાયિક સંબંધો અને કારકિર્દી વિકાસ અને વૃદ્ધિ માટેની યોજનામાં શિક્ષકોના કાર્ય પર કેન્દ્રિત છે.

મને તમામ હિતધારકો તરફથી સંયુક્ત સહકારની આશા છે જેથી સૌ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત કરવામાં કાર્યક્ષમ ભાવનાને પ્રોત્સાહન આપી શકાય.

---



**કેસાંગ યાંગજોમ શેરપા, ભારતીય મહેસૂલ સેવા**

સભ્ય સચિવ,

રાષ્ટ્રીય શિક્ષક શિક્ષણ પરિષદ,

નવી દિલ્હી

## સંદેશ

રાષ્ટ્રીય શિક્ષક શિક્ષણ પરિષદ (NCTE) એ કાયદાકીય સંસ્થા તરીકે ભારતમાં શિક્ષક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે અનેક પહેલ માંડી છે. NEP ૨૦૨૦ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને શિખવાના પ્રક્રિયામાં ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષકોને મહત્વપૂર્ણ પૂર્વશરત તરીકે જુએ છે. આ સાથે સંકળાયેલા, NCTEએ NEP ૨૦૨૦ના ફકરા ૫.૨૦માં કલ્પના કરાયેલ શિક્ષકો માટે રાષ્ટ્રીય વ્યાવસાયિક માપદંડ (NPST) પર માર્ગદર્શક દસ્તાવેજ (શિક્ષકો માટેના રાષ્ટ્રીય વ્યાવસાયિક માપદંડ) રજૂ કર્યો છે. માર્ગદર્શક દસ્તાવેજમાં આંકેલા માપદંડમાં 21મી સદીમાં અસરકારક શિક્ષણ તરફ શિક્ષકોએ શું જાણવું જોઈએ, કેવી રીતે કામ કરવું જોઈએ અને તેમના કારકિર્દી વિકાસની વિગતો દર્શાવતા વ્યાવસાયિક માપદંડનું કોષ્ટક છે. NPST કારકિર્દીના વિવિધ તબક્કામાં કુશળતા અને/અથવા અનુભવના વિવિધ સ્તરે શિક્ષક પાસેથી જરૂરી અપેક્ષાઓ અને યોગ્યતાઓને આવરી લેશે.

હું મારા બધા વરિષ્ઠો અને મુસદ્દો બનાવનાર સમિતિના સભ્યોનો આભાર વ્યક્ત કરું છું જેઓ આ NPST પર માર્ગદર્શક દસ્તાવેજના વિકાસ અને આયોજન કરવા માટેના પ્રયત્નોમાં સમર્થન આપ્યું. NCTEની સમગ્ર ટીમને અભિનંદન.

# અનુક્રમણિકા


| અનુ. નં. | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| 1. | **પરિચય** | **1** |
| 2. | **શિક્ષણ: એક વ્યવસાય** | **3** |
| 2.1 | એક વ્યવસાય તરીકે શિક્ષણ | 3 |
| 2.2 | વ્યાવસાયિક માપદંડની સમજ | 5 |
| 2.3 | શિક્ષકો અને શિક્ષણ માટે વ્યવસાયિક માપદંડનું મહત્વ | 5 |
| 3. | **રાષ્ટ્રીય શિક્ષકો માટેના વ્યવસાયિક માપદંડ (NPST)** | **7** |
| 3.1 | NPSTની પ્રસ્તુતતા | 7 |
| 3.2 | શિક્ષકો માટેના વ્યવસાયિક માપદંડ | 8 |
| 3.3 | યોગ્યતાનો વિકાસ અને વૃદ્ધિ | 12 |
| 3.4 | રાષ્ટ્રીય શિક્ષકો માટેના વ્યવસાયિક માપદંડ | 13 |
| 4. | **રાષ્ટ્રીય શિક્ષકો માટેના વ્યવસાયિક માપદંડ (NPST) માળખું** | **14** |
| 4.1 | માપદંડ 1: આંતરિક મૂલ્યો અને નીતિમત્તા | 14 |
| 4.2 | માપદંડ 2: જ્ઞાન અને અભ્યાસ | 14 |
| 4.3 | માપદંડ 3: વ્યવસાયિક વૃદ્દિધ અને વિકાસ | 15 |
| 5. | **અમલીકરણ** | **22** |
| 5.1 | કાર્યની યોજના | 22 |
| 5.2 | પ્રયોજ્યતા | 23 |
| 5.3 | સમયાંતરે સમીક્ષણ | 23 |
| 6. | **NPST ના માળખા આધારિત આંકલનના સાધનો (સૂચનાત્મક)** | **24** |
| 7. | **NPST પર શિક્ષકની ગુણવત્તા માટેના રાષ્ટ્રીય કેન્દ્ર હેતુ ડિજિટલ માળખાકીય રૂપરેખા ૩૫** | **35** |

| | | |
|---|---|---|
| 8. | આકૃતિઓની સૂચિ | 37 |
| 9. | સંક્ષિપ્ત નામ | 38 |
| 10. | ગ્રંથસૂચિ | 39 |
| 11. | તજજ્ઞોની સમિતિ | 40 |

# ૧. પરિચય

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP ૨૦૨૦) શિક્ષકને ભારતના શિક્ષણ વ્યવસ્થામાં મૂળભૂત સુધારાઓના કેન્દ્રસ્થાને મૂકે છે. શિક્ષણ એ એક અવિરત પ્રક્રિયા છે જે દરેક નાગરિકના જીવનને અસર કરે છે, અને શિક્ષક તે પ્રક્રિયામાં એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શિક્ષકો માટેના રાષ્ટ્રીય વ્યાવસાયિક માપદંડ (NPST)એ NEP ૨૦૨૦ના ઉદ્દેશ્ય કે જે તમામ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ સંભવિત શિક્ષણ માટે સમાન પ્રવેશની સુનિશ્ચિતતાને પૂર્ણ કરવા ઝંખે છે. NPST ખાતરી કરે છે કે બધા શિક્ષકો ઉત્સાહી, પ્રેરિત, અત્યંત લાયકાત ધરાવતા, સારી રીતે તૈયાર અને શાળાના તમામ સ્તરે તમામને શીખવવા સક્ષમ હોવા જોઈએ. તેથી, શિક્ષણ વ્યવસાયમાં શ્રેષ્ઠ પ્રતિભા લાવવાની જરૂર છે.

NPST વિવિધ કારકિર્દી તબક્કે શિક્ષકોની ગુણવત્તાઓને ઓળખવામાં સહાય કરે છે. વધારામાં, તે તમામ શિક્ષકોની તૈયારી, અમલીકરણ અને કાર્ય કરવાની રીતમાં સુધારણાં પર ધ્યાન કેન્દ્રિત કરે છે. માપદંડ અને સંબંધિત નીતિઓ NEP ૨૦૨૦ના મૂળભૂત સિદ્ધાંતો સાથે સુસંગત છે, જે શિક્ષણ વ્યવસ્થાને માર્ગદર્શિત કરશે અને NEP ૨૦૨૦ના સર્વોત્તમ ગુણવત્તાવાળા શિક્ષણના દ્રષ્ટિકોણને સમર્થન આપશે. NPST પૂર્વ-સેવા શિક્ષક શિક્ષણ કાર્યક્રમ રચવામાં અને શિક્ષક કારકિર્દી વ્યવસ્થાપનના તમામ પાસાઓને નક્કી કરવામાં મદદ કરશે.

વિદ્યાર્થીઓ શિક્ષકોની કુશળતા વધારવાના પ્રયાસોનો લાભ મેળવે છે. વ્યાવસાયિક ધોરણો એ વિવિધ કારકિર્દી તબક્કે અને વિવિધ નિપુણતા સ્તરે શિક્ષકો પાસેથી શું અપેક્ષા છે અને દરેક માટે જરૂરી કુશળતાઓ શું છે તેની વિગત આપે છે. વ્યાવસાયિક ધોરણો ૨૦૩૦માં અને તે પછી દર દસ વર્ષે રાષ્ટ્રીય સ્તરે તંત્રની અસરકારકતા પર કડક અનુભવલક્ષી વિશ્લેષણના આધારે સમીક્ષા અને સુધારાઓ કરવામાં આવશે.

રાષ્ટ્રીય શિક્ષક શિક્ષણ પરિષદ (NCTE) એ રાષ્ટ્રીય શિક્ષક શિક્ષણ અધિનિયમ (NCTE અધિનિયમ), 1993 દ્વારા રચાયેલ એક વૈધાનિક સંસ્થા છે. તે સમગ્ર દેશમાં પૂર્વસેવા અને સેવામાં રહેલાં શિક્ષકોના વિકાસના આયોજન અને સંકલન માટે આદેશિત છે. ૨૦૨૧ના બજેટમાં શિક્ષણ મંત્રાલય (MoE)ના આદેશ તરીકે NPSTને જાહેર કરવામાં આવ્યું હતું અને NCTEને આ જવાબદારી આપવામાં આવી હતી. NPST ના વિવિધ પાસાઓ પર વિવિધ હિતધારકો પાસેથી મળેલા વિચારો અને સૂચનોના આધારે NPST દસ્તાવેજ બનાવવા માટે એક નિષ્ણાત-સમિતિની રચના કરવામાં આવી હતી. એપ્રિલ ૨૦૨૧માં MyNEP ૨૦૨૦ પોર્ટલ દ્વારા પ્રાથમિક સંશોધન ડિજિટલ પરામર્શ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં દસ્તાવેજ તૈયાર કરવામાં એકંદર સુસંગતતા જાળવવા માટે બોટમ-અપ(તળિયાથી ટોચ) અભિગમ સાથે વિચારો અને સૂચનો આમંત્રિત કરેલ હતા. ત્યારબાદ, ગૌણ સંશોધન દ્વારા વિવિધ ક્ષેત્રોના પસંદ કરેલા લક્ષિત પ્રેક્ષકો પાસેથી પ્રશ્નાવલિ મારફતે ચોક્કસ ટિપ્પણીઓ/વિચારો આમંત્રિત કરવામાં આવ્યા હતા.

આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ પ્રણાલીના માનક બનાવવા ચાર દેશોના NPST દસ્તાવેજો પર તુલનાત્મક અભ્યાસ દ્વારા એક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. નિષ્ણાત સમિતિ દ્વારા કરવામાં આવેલી અનેક ચર્ચાઓ અને સુધારાઓ મારફતે NPST પર પ્રારંભિક મુસદ્દો વિકસાવવામાં આવ્યો અને ૧૭મી નવેમ્બર ૨૦૨૧ના રોજ NCTE વેબસાઈટ અને MyGov પોર્ટલ પર જાહેર સમીક્ષા માટે પ્રસારિત કરવામાં આવ્યો હતો. આ સાથે, સમગ્ર દેશના જમીન સ્તરના શિક્ષણવિદો, શૈક્ષણિક પ્રશાસકો, શિક્ષકોને પ્રશિક્ષિત કર્તા શિક્ષકો, HoDs, SCERTs, DIETs, આચાર્યો, શિક્ષકો (સરકારી/ખાનગી), એનજીઓ, અન્ય હિતધારકો સાથે પ્રાથમિક મુસદ્દા પર વિચારો એકત્ર કરવા માટે ૧૫ જાહેર ચર્ચાઓ યોજાઈ.

તે જ સમયે, પ્રાથમિક મુસદ્દામાં વર્ણવેલા મુદ્દાઓ પરના વિચારો માટે તેમજ NPST દસ્તાવેજમાં દર્શાવેલ આકારણી અને તેની કુશળતાઓ માટેના સાધનો/પદ્ધતિઓ પર સૂચનો મેળવવા સમગ્ર દેશના શિક્ષકો, આચાર્યો, DIETs, SCERTs ના પરામર્શમાં ૫ ખાનગી ધોરણે ચર્ચાઓ યોજાઈ હતી. ત્રીજા સ્તરના સંશોધનમાં, NPST પર અંતિમ મુસદ્દો તૈયાર માટે હિતધારકોના વિચારો/સૂચનોનો ઉપયોગ કરવામાં આવ્યા હતો અને ૨૯મી માર્ચ ૨૦૨૨ના રોજ NPST માટે રચાયેલી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતો, જે ક્ષેત્ર પરીક્ષણ સંસ્કરણ તરીકે મંજૂર કરવામાં આવ્યો હતો. NPST માર્ગદર્શક દસ્તાવેજના અમલ અને તેની અસરની મૂલ્યાંકનનું પ્રયોગીકરણ સમગ્ર દેશની ૭૫ કેન્દ્ર સરકારની માલિકીની શાળાઓ (૨૫ KVS + ૨૫ NVS + ૨૫ CBSE) ની સાથે ૧૧૭૫ શિક્ષકો પર કરવામાં આવ્યું હતું.

NEP ૨૦૨૦ ના ફકરા ૫.૨૦ અનુસાર શિક્ષકો માટેના રાષ્ટ્રીય વ્યાવસાયિક માપદંડ (NPST) શીખનારોને સમાન શ્રેષ્ઠ ગુણવત્તાવાળા શિક્ષણના પ્રવેશ માટે પ્રયાસ કરે છે. તમામ વિદ્યાર્થીઓને જુસ્સેદાર, પ્રેરિત, ઉચ્ચ લાયકાત ધરાવતા, વ્યાવસાયિક રીતે તાલીમ પ્રાપ્ત અને સારી રીતે સજ્જ શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવે તે માટે NEP ૨૦૨૦ ના આદેશને સિદ્ધ કરવા માટે એક માર્ગદર્શક દસ્તાવેજ વિકસાવવામાં આવ્યો છે. તે શિક્ષક કારકિર્દી વ્યવસ્થાપન અને અન્ય પરિબળોના તમામ પાસાઓ નક્કી કરવાનો લક્ષ્ય ધરાવે છે. તે ગુણવત્તાનું નિવેદન છે અને વિવિધ તબક્કા/સ્તરના શિક્ષકોની કુશળતાઓને વ્યાખ્યાયિત કરે છે.

રાષ્ટ્રીય શિક્ષક ગુણવત્તા કેન્દ્ર (NCTQ), NCTEમાં એક ડિજિટલ પ્લેટફોર્મ સ્થાપવામાં આવ્યું છે જે NPSTના સંચાલન માટે જવાબદાર રાષ્ટ્રીય સંપુટ હશે. ઉપરાંત, વધારે સંસાધન વ્યક્તિઓ/સંસ્થાઓના નિર્માણ માટે હિતધારકો/અમલીકરણ સંસ્થાઓની ક્ષમતા નિર્માણ કાર્યક્રમ હાથ ધરવામાં આવશે.

રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારો આ માપદંડોને અપનાવી શકે છે અને સંસ્થાઓ નવી શૈક્ષણિક શાળાની માળખાકીય રચના (૫+૩+૩+૪) અનુસાર શિક્ષકોના અપેક્ષિત કૌશલ સમુહને પૂર્ણ કરવા માટે તેને અમલમાં મૂકી શકે છે.

# ૨ શિક્ષણ: એક વ્યવસાય

## ૨.૧ વ્યવસાય તરીકે શિક્ષણની પ્રક્રિયા

સમગ્ર વિશ્વમાં શિક્ષણને સૌથી ઉમદા વ્યવસાયો પૈકીનો એક માનવામાં આવે છે જે સામાજિક પ્રગતિ સાથે જોડાયેલું છે. પ્રાચીન સમયમાં, શિક્ષક સમાજનો સૌથી આદરણીય સભ્ય હતો અને આ વ્યવસાયમાં પ્રવેશ મંજૂરી માત્ર સૌથી શિક્ષિત વ્યક્તિઓને મળતી હતી. શિક્ષકો શિક્ષણ વ્યવસ્થાના કેન્દ્રમાં હતા અને તેમનું જ્ઞાન, કૌશલ્ય અને નૈતિકતાઓ શ્રેષ્ઠ રીતે વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા માટે જરૂરી હતા. શિક્ષણ વ્યવસ્થાના વિકાસ અને શિક્ષકોની બદલાતી ભૂમિકા સાથે, લાંબા અને સશક્ત રાષ્ટ્ર નિર્માણ માટે શિક્ષકની ગુણવત્તા વધારવી અત્યંત મહત્વની છે. સામાજિક પ્રક્રિયા અને સામાજિક તપાસના એક સ્વરૂપ તરીકે શિક્ષણ એક એવો ગહન નૈતિક અને આદર્શ વ્યવહાર છે જેના વ્યાવસાયિકોને નીચે આપેલ કેન્દ્રવર્તી સૂચનો નું પાલન કરવાની જરૂર છે:

- બાળકોની કાળજી અને તેમની સાથે રહેવાનું પસંદ કરવું, વિદ્યાર્થીઓ વૈવિધ્યને સન્માનવું, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય સંદર્ભોમાં બાળકોને સમજવા, તેમની જરૂરિયાતો અને સમસ્યાઓ પ્રત્યે સંવેદનશીલતા વિકસાવવી અને તમામ બાળકોની સાથે સમાન રીતે વર્તવું.
- બાળકોને જ્ઞાનના નિષ્ક્રિય ગ્રાહક તરીકે ન સમજવું, અર્થઘટન ઘડવાના તેમના કુદરતી વલણમાં વધારો કરવો, ગોખણપટ્ટીને નિરુત્સાહી કરીને શિક્ષણને આનંદમય, સહભાગી અને અર્થપૂર્ણ બનાવવું.
- વિવેચનાત્મક રીતે અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોને તપાસીને સ્થાનિક જરૂરિયાતો પ્રમાણે યોગ્ય અભ્યાસક્રમને સંદર્ભિત કરવું.
- અભ્યાસક્રમમાં બેસાડેલાં જ્ઞાનને માત્ર 'દેન' ન માનવું.
- શિખનાર-કેન્દ્રિય, પ્રવૃત્તિ આધારિત, સહભાગી અભ્યાસના અનુભવનો આયોજિત – રમતો, પ્રોજેક્ટ્સ, ચર્ચા, સંવાદ, અવલોકન, મુલાકાતો અને તેમના વ્યવહાર પર પ્રતિબિંબિત કરવાનું શીખવું
- શિખનારની સામાજિક અને વ્યક્તિગત વાસ્તવિકતાઓ સાથે સંકલન, વર્ગમાં વૈવિધ્યને પ્રતિસાદ.
- શાંતિ, લોકશાહી જીવનની રીત, સમાનતા, ન્યાય, સ્વતંત્રતા, ભાતૃભાવ અને ઉમંગના સામાજિક પુનર્નિર્માણ કરતા મૂલ્યોને પ્રોત્સાહન આપવું.

હિતધારકો વચ્ચે વિચાર-વિમર્શ દ્વારા માપદંડ પર સ્પષ્ટતા અને સર્વસંમતિ નીચેની બાબતો તરફ દોરે છે

- સારા શિક્ષણના પાસાઓ પ્રત્યે વધુ સ્પષ્ટતા અને પ્રતિબદ્ધતા.
- સંદર્ભિત વિચારણાઓની સમજ કે જે સારા શિક્ષણને સુધારે છે અને સમર્થન આપે છે.
- શિક્ષકો માટે તેમના વ્યવસાયિક વ્યવહારના આવશ્યક પરિણામોને સ્પષ્ટ અને પુનરાવર્તિત કરવાં અને વર્ગખંડોને શીખનાર-કેન્દ્રી બનાવવાની સેવા અને વિધ્યાર્થીઓના આત્મ-ચિંતનને માર્ગદર્શિક કરવું.
- કારકિર્દીની વૃદ્ધિ માટે શિક્ષકોની તૈયારી, સારું શિક્ષણ, શિક્ષકો માટેની ઈકો-સિસ્ટમ, તેની યોજના અને વ્યવસ્થાની વધુ સમજ.

શિક્ષણનો અધિકાર (RTE) અધિનિયમ, ૨૦૦૯ શિક્ષકો પાસેથી અપેક્ષાઓ અને શિક્ષણની ગુણવત્તા નક્કી કરે છે જે ખાતરી કરશે કે શાળામાં બાળક પાસે હકારાત્મક શૈક્ષણિક અનુભવ હશે જે શિક્ષણ દ્વારા સશક્તિકરણ તરફ દોરી જશે. RTE અધિનિયમ, ૨૦૦૯ માં કરેલ પરિકલ્પના મુજબનું શિક્ષણ નીચે આપેલ લાક્ષણિકતાઓ ધરાવતું હોવું જ જોઈએ: **[ધારા ૨૯/૨, RTE અધિનિયમ ૨૦૦૯]**

- ભારતના બંધારણમાં સમાવિષ્ટ મૂલ્યો સાથે સુસંગત હોવું જોઈએ જેથી લોકશાહી, ન્યાયી અને શાંતિમય સમાજને પ્રોત્સાહન મળે.
- શીખનારનું ધ્યાન સમગ્ર વિકાસ તરફ દોરી જવું જોઈએ.
- વિદ્યાર્થીઓનું જ્ઞાન, ક્ષમતા અને પ્રતિભા વિકસાવવું.
- વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક ક્ષમતાઓને મહત્તમ હદ સુધી વિકાસ કરવો.
- શીખવાની પ્રક્રિયાને બાળકોને અનુકૂળ અને બાળક-કેન્દ્રિત પ્રવૃતિઓ, શોધ અને અન્વેષણથી શક્ય બનાવવી.
- શક્ય હોય ત્યાં સુધી વિદ્યાર્થીઓની માતૃભાષામાં શિક્ષણ આપવું.
- શીખવુંએ ભય, આઘાત અને ચિંતાથી મુક્ત થાય તેની ખાતરી કરવી અને વિદ્યાર્થીઓને મુક્તપણે વાતચીત કરવામાં સહાય કરવી.
- સમજણ અને ક્ષમતાનું સતત વ્યાપક મૂલ્યાંકન કરવું.

આ રીતે દરેક બાળકને ગૌરવપૂર્ણ જીવન જીવવા સક્ષમ બનાવવું.

ભારતનું બંધારણ શિક્ષણને સર્વસમાવિષ્ટ બનાવવા અને પછાત સમુદાયો, ભાષાકીય અને સાંસ્કૃતિક લઘુમતી જૂથો, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો અને ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકોને પ્રોત્સાહન આપવા માટેના વિશેષ પ્રયત્નો ની જરૂરિયાત તરફ વધુ ધ્યાન દોરે છે. શિક્ષણનો અધિકાર અને NEP ૨૦૨૦ માં દર્શાવેલ ખરેખર શિક્ષણની દ્રષ્ટિ વિવિધ સ્તરે સર્વસમાવિષ્ટ શિક્ષણ અને વર્ગખંડમાં વૈવિધ્યતા પર ભાર મૂકે છે.

NEP ૨૦૨૦ ચોક્કસ પડકારો પર ધ્યાન આપે છે કે જેમાં શિક્ષકોના શિક્ષણશાસ્ત્રની પદ્ધતી નીચેની બાબતો માટે પ્રતિભાવશીલ હોવી જોઈએ: **(નીતિના સિદ્ધાંતો)**

- શિક્ષણને ગોખણપટ્ટીમાંથી ઉચ્ચ કક્ષાની વિચારશક્તિ, વિવેચનાત્મક વિચારશક્તિ, ચકાસણી જેવી અન્ય 21મી સદીની કુશળતાઓ તરફ સ્થળાંતર કરવું.
- શિક્ષણને વિવિધ-વિષયી, અનુભવાત્મક અને પ્રયોગાત્મક બનાવવું
- બહુભાષાવાદ.
- વિદ્યાર્થીઓને સ્વદેશી જ્ઞાનની પરંપરાનું મૂલ્ય અને એકીકરણ કરવા સક્ષમ કરવા.

## ૨.૨ વ્યાવસાયિક માપદંડની સમજ

'માપદંડ' શબ્દનો અર્થ જુદા જુદા સંદર્ભો અને દેશોમાં અલગ-અલગ કરવામાં આવે છે. માપદંડ એ વ્યવસાયમાં જે મૂલ્યવાન છે તે વિશેના નિવેદનો છે અને સામાન્ય રીતે તેનો ઉપયોગ શીખવા અથવા અભ્યાસના સંદર્ભમાં પ્રાપ્ત કરવા માટે શું સૌથી ઈચ્છનીય છે તે વ્યાખ્યાયિત અને સંચાર કરવા માટે ઉપયોગમાં લેવાય છે. શિખવવાના સંદર્ભમાં, માપદંડ શીખવવાના પરિણામો તરીકે વ્યાખ્યાયિત થાય છે, પરંતુ વ્યાવસાયિક અથવા વ્યવસાયિક સંદર્ભમાં, માપદંડ ક્ષમતા ના પરિમાણો તરીકે વ્યાખ્યાયિત થાય છે, એટલે કે કોઈ વ્યક્તિએ ચોક્કસ વ્યાવસાયિક ક્ષેત્રમાં પ્રવીણ ગણાવા માટે શું આવડવું જોઈએ અને શું યોગ્યતા હોવી જોઈએ તે જણાવે છે. અન્ય શબ્દો માં કહીએ તો, માપદંડ વ્યાવસાયિકની કામગીરીને ગુણવત્તાવાળી કામગીરી તરીકે પ્રવીણ ગણવામાં આવે તે માટે માનક અથવા માપન સાધન તરીકે ઉપયોગમાં લેવાય છે. માપદંડ એ નિવેદનો છે જે બતાવે છે કે વ્યવસાયમાં શું મૂલ્યવાન છે, ગુણવત્તાસભર શિક્ષણ શું છે અને તે અંગેના આધારભૂત નિયમો ક્યાં છે. નિવેદનો પોતે જ ઘડે છે કે આ મૂલ્યો શું સૂચવે છે તેના માટે શિક્ષકોએ શું જાણવું જોઈએ, માનવું જોઈએ અને કરવા સક્ષમ હોવા જોઈએ.

## ૨.૩ શિક્ષકો અને શિક્ષણ માટે વ્યવસાયિક માપદંડનું મહત્વ

સારા અને ઈચ્છનીય શિક્ષણના વર્ણનો અને શિક્ષકોના ગુણો અને લાક્ષણિકતાઓ ઘણા નીતિ દસ્તાવેજોમાં સ્પષ્ટ કે ગર્ભિત રીતે જોવા મળે છે. આવા વિચારોએ શિક્ષકના કાર્યકાળ દરમિયાનના અભ્યાસ અને કેટલાક કેન્દ્રીય પ્રાયોજિત શિક્ષણ સુધારાના અભિયાનો જેવાકે સર્વ શિક્ષા અભિયાન(SSA) ના આરંભ સાથે પ્રશિક્ષણના લક્ષ્યોની માહિતી આપે છે. આ વિચારો રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક ફોર ટીચર એજ્યુકેશન (NCFTE, 2009) માં ગર્ભિત રાતે જોવા મળે છે અને NEP ૨૦૨૦ની ભલામણ મુજબ, શિક્ષકોના વ્યવસાય પહેલાના શિક્ષણ કાર્યોક્રમો માટેના અભ્યાસક્રમની યોજના અને વિકાસની તાજેતરની અભિવ્યક્તિમાં જોવા મળી છે.

NEP ૨૦૨૦ દરખાસ્ત કરે છે કે વ્યવ્સાયિક માપદંડ જે વ્યવસાયની રચના અને સ્થાપનાને સંચાલિત કરશે કે જે જવાબદારી, દેખરેખ, વ્યવસાયિક વિકાસ, કારકિર્દીના દરેક તબક્કાના માર્ગો ઉભી ગતિશીલતા સાથે જોડાયેલા

છે. શિક્ષકો માટે ના વ્યવસાયિક માપદંડનો સમૂહ નીચેની બાબતો સક્ષમ કરી શકે છે.

- શિક્ષકના કાર્યની પ્રકૃતિને વ્યાખ્યાયિત કરવી
- કાર્ય અને નોકરી માટેની પરિસ્થિતિઓ રચવી
- શિક્ષકોના શિક્ષણ માટેના કાર્યક્રમોની પુનર્રચના કરવી
- શિક્ષકોની નોંધણી
- જીવનભરના શિક્ષણ અને કારકિર્દી વિકાસને પ્રોત્સાહન આપવું
- શિક્ષકોની લાયકાતમાં એકરૂપતા સ્થાપવી અને ગતિશીલતાને સક્ષમ કરવી
- શિક્ષકની ગુણવત્તાનું મૂલ્યાંકન
- શિક્ષકના ઉત્સાહને પ્રોત્સાહિત કરવો
- શિક્ષકોની જવાબદારીઓ/ફરજોને સુનિશ્ચિત કરવી

માપદંડના પાસાઓ પર ભાર તેની ઉપયોગીતા પ્રમાણે અલગ અલગ હોઈ શકે છે; જો કે, માપદંડનો એક સામાન્ય સંપુટ સુનિશ્ચિત કરશે કે શિક્ષકો અને વ્યવસાય તરીકે શિક્ષણને લાગુ પડતી વિવિધ બાબતોની સમગ્ર નીતિઓમાં એક સુસંગતતા રહે.

# ૩. શિક્ષકો માટેના રાષ્ટ્રીય વ્યવસાયિક માપદંડ (NPST)

ભારતનું જ્ઞાન પટ બદલાઈ રહ્યું છે. આથી, આપણે 21મી સદીની માંગને પહોંચી વળવા માટે શિક્ષણ વ્યવસ્થામાં સુધારો કરવા મહત્ત્વપૂર્ણ બની ગયા છે. ભારતની NEP ૨૦૨૦એ 21મી સદીની દેશની પ્રથમ શિક્ષણ નીતિ છે, અને તે આપણા દેશની વધતી જતી વિકાસલક્ષી અત્યાવશ્યકતોને સંબોધવાનો લક્ષ્ય ધરાવે છે. શિક્ષકો ખરેખર આપણા બાળકોના ભવિષ્ય ઘડે છે, અને તેથી, આપણા રાષ્ટ્રનું ભવિષ્ય. બધા માટે સર્વગ્રાહી અને ગુણવત્તાયુક્ત શિક્ષણના ધ્યેયને હાંસલ કરવા માટે, NEP ૨૦૨૦ શિક્ષણ વ્યવસાયના વિકાસ પર વિશેષ જોર આપે છે અને શિક્ષકોને બધા સુધારાઓના કેન્દ્રમાં રાખે છે, શ્રેષ્ઠ અને તેજસ્વીને શિક્ષણના વ્યવસાયમાં પ્રવેશવા માટે પ્રેરિત અને શિક્ષકોને સશક્ત કરવા અને શક્ય તેટલી અસરકારક રીતે તેમનું કાર્ય કરવામાં મદદ કરે છે.

## ૩.૧ NPSTની પ્રસ્તુતતા

*"એનસીટીઈ NCTE દ્વારા એનસીઈઆરટી એસસીઈઆરટી NCERT, SCERT બધાં સ્તર અને ક્ષેત્રોના શિક્ષકો, શિક્ષકોની તૈયારી અને વિકાસ હેતુ, સંસ્થાનો અને ઉચ્ચતર શિક્ષણ સંસ્થાનો સાથે વાતચીતથી સામાન્ય ધોરણ પરિષદ (GEC) હેઠળ તેના પુનર્ગઠન નવા સ્વરૂપમાં નેશનલ પ્રોફેશનલ સ્ટાન્ડર્ડ્સ ફોર ટીચર્સ (એનપીએસટી NPST)નો એક સામાન્ય માર્ગદર્શક સમૂહ વર્ષ ૨૦૨૨ સુધીમાં વિકસાવવામાં આવશે. આ ધોરણોમાં કુશળતા/તબક્કાના વિવિધ સ્તરે શિક્ષકની ભૂમિકાની અપેક્ષાઓ અને તે તબક્કા માટે જરૂરી ક્ષમતાઓને આવરી લેવામાં આવશે. તેમાં તેના માટેના માપદંડોનો પણ સમાવેશ થશે. દરેક તબક્કા માટે કામગીરીનું મૂલ્યાંકન સમયાંતરે હાથ ધરવામાં આવશે. એનપીએસટી NPST, પૂર્વ સેવા પ્રશિક્ષણ કાર્યક્રમોના માળખાંની પણ જાણકારી આપશે. ત્યારબાદ રાજ્યો દ્વારા તેને અપનાવી શકાય છે અને શિક્ષક કારકિર્દી વ્યવસ્થાપનનાં તમામ પાસાંઓ નક્કી કરી શકાય છે, જેમાં કાર્યકાળ, વ્યાવસાયિક વિકાસના પ્રયાસો, પગાર વધારો, બઢતી અને અન્ય માન્યતાનો સમાવેશ થાય છે. બઢતી અને પગાર વધારો કાર્યકાળ કે વરિષ્ઠતાના આધારે નહીં થાય, પરંતુ આવા મૂલ્યાંકનના આધારે જ થશે. વ્યાવસાયિક ધોરણોની સમીક્ષા કરવામાં આવશે અને વર્ષ ૨૦૩૦માં રાષ્ટ્રીય સ્તરે વ્યાવસાયિક ધોરણોની સમીક્ષા અને સંશોધન કરવામાં આવશે અને ત્યારબાદ દર દસ વર્ષોમાં વ્યવસ્થાની ગુણવત્તાનું ઘનિષ્ઠ અનુભવ આધારિત વિશ્લેષણ કરવામાં આવશે અને તેમાં આવશ્યક સુધારો કરવામાં આવશે."*




**આકૃતિ ૧: શિક્ષકોની તૈયારી પરનું રેખાંકન**

**૩.૧.૧ શિક્ષકનું શિક્ષણ:** NEP ૨૦૨૦ અનુસાર સેવા પહેલાના શિક્ષકના શિક્ષણ માટેના B.Ed. કાર્યક્રમોની ૪ વર્ષ, ૨ વર્ષ અને ૧ વર્ષના કાર્યક્રમોની રચના કરીને NPST જાણ કરાશે.

**૩.૧.૨ શિક્ષકની ભૂમિકાનું સંચાલન:** માપદંડ વિવિધ નિષ્ણાત જાણકારી/તબક્કાના સ્તરની શિક્ષકની ભૂમિકાની અપેક્ષાઓ અને તે તબક્કે જરૂરી ક્ષમતાઓને આવરી લેશે. દરેક તબક્કે, NPST પ્રસ્તુતિ આંકલન માટેના માપદંડોને સામાવશે

**૩.૧.૩ શિક્ષક કારકિર્દીનું સંચાલન:** શિક્ષક કારકિર્દી સંકલનના તમામ પાસાઓ જેમાં કાર્યકાળ, વ્યાવસાયિક વિકાસ પ્રયત્નો, પગાર વધારા, બઢતી અને અન્ય માનકોનો સમાવેશ થાય છે.

**૩.૧.૪ શિક્ષક વ્યાવસાયિક વિકાસ:** શિક્ષકોને સતત સ્વસુધારણાની અને તેમના વ્યાવસાયોમાં નવીનતમ રીતો શિખવાની તકો આપવામાં આવશે.

NEP ૨૦૨૦ મુજબ, શિક્ષકની તૈયારીએ એક એવી પ્રવૃત્તિ છે જેમાં બહુશાખાકીય દ્રષ્ટિકોણ અને જ્ઞાન, સ્વભાવ અને મૂલ્યોની રચના અને શ્રેષ્ઠ માર્ગદર્શકો હેઠળ અભ્યાસનો વિકાસ જરૂરી છે. તેના માટે શિક્ષકો શિક્ષણ અને શિક્ષણશાસ્ત્રમાં નવીનતમ પ્રગતિથી સારી રીતે જાણકાર હોવાની સાથે ભારતીય મૂલ્યો, ભાષાઓ, જ્ઞાન, નૈતિકતા, અને પરંપરાઓ પર આધાર રાખવો જરૂરી છે. NPST એ શિક્ષણને શું  ગુણવત્તાયુક્ત બનાવે છે અને વિદ્યાર્થીઓના શિક્ષણના પરિણામોને સુધારવા શું જરૂરી છે તેનું એક જાહેર નિવેદન છે. આ માપદંડ તેવા માર્ગદર્શક નિવેદનોનો સંપુટ છે જે કારકિર્દીના વિવિધ તબક્કે નિપુણતાના  અલગ અલગ સ્તરની શિક્ષકની ભૂમિકાની અપેક્ષાઓને વ્યાખ્યાયિક કરે છે. આ માપદંડ એ પણ વ્યાખ્યાયિત કરે છે કે અસરકારક શિક્ષણ કેવું હોય છે અને શિક્ષણ કારકિર્દીના દરેક તબક્કે 21મી સદીની શાળાઓમાં શિક્ષક તરીકે કઈ યોગ્યતાઓનો અભ્યાસ કરવો જરૂરી છે.

## ૩.૨ શિક્ષકો માટેના વ્યવસાયિક માપદંડ

શિક્ષકો માટેના વ્યાવસાયિક માપદંડનું માળખું સારા શિક્ષકો અને સારા શિક્ષણની ગુણવત્તાઓ વિશેની સ્પષ્ટ અને ગર્ભિત વ્યાખ્યાઓ પર આધારિત છે. ઉપરાંત, તે ભારતમાં શિક્ષણ અને શિક્ષક નિર્માણ પરના સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરે છે, અને સમાન સંદર્ભમાં, તે શિક્ષકો અને શિક્ષણની ગુણવત્તા વ્યાખ્યાયિત કરવા અને મૂલ્યાંકન કરવા માટેની પહેલની રૂપરેખા આપે છે.

**ક) કૌશલ્ય**

શિક્ષકો માટેના વ્યાવસાયિક માપદંડના ઘડવામાં, શિક્ષણ વ્યવસાય માટે મૂળભૂત રીતે ઓળખાયેલા કૌશલ્યો માટેના ધોરણોના સામાન્ય મુખ્ય સમૂહ તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે. કૌશલ્યથી, અમારો અર્થ જ્ઞાન, કુશળતા, સમજ, મૂલ્યો, વલણ અને ઈચ્છાશકિત છે જે વિશિષ્ટ ક્ષેત્રમાં અસરકારક વ્યક્તિત્વની માનવ સહજ  ક્રિયાપ્રતિક્રિયા તરફ દોરી જાય છે.

### ખ) ક્ષેત્રો

શિક્ષકનું જ્ઞાન અને શૈક્ષણિક અભ્યાસ (શિક્ષણ પહેલાં, દરમિયાન અને પછી) એકબીજા સાથે જોડાયેલા ક્ષેત્રો છે જે વ્યક્તિગત માન્યતાઓ, કુશળતા, વાર્તાલાપની ક્ષમતા, વ્યાવસાયિક ઓળખ, નૈતિકતા, મૂલ્યો અને વલણ સાથે સંકળાયેલા છે. નીચેના ત્રણ ક્ષેત્રોને માપદંડ તરીકે ઓળખવામાં આવ્યા છે:

1. આંતરિક મૂલ્યો અને નૈતિકતા
2. જ્ઞાન અને અભ્યાસ
3. વ્યાવસાયિક વૃદ્ધિ અને વિકાસ

### ગ) શિક્ષકનું રેખાચિત્ર (પ્રોફાઈલ)

શક્ય હોય ત્યાં સુધી, શિક્ષણમાં નિપુણતાના સુધારણા અને વિકાસનો વિચાર સારા શિક્ષણમાં વૃદ્ધિ અને ઉન્નતિની પ્રકૃતિનો સંકેત આપવા માટે દોરાઈ છે – સુધારણા અને વૃદ્ધિની માટે મહત્વાકાંક્ષા અને માર્ગની સાથે સાથે વ્યાયવસિકો દ્વારા પ્રાપ્ત કરેલ ઉચ્ચ માપદંડોની ઓળખ માટેનો આધાર બંને સ્થાપે છે. NPST માટે, શિક્ષણના વિવિધ તબક્કાઓ અને વિષય શિક્ષણ ક્ષેત્રોમાં- દરેક ક્ષેત્રો અને કૌશલ્ય ને લાગુ પડતાં ત્રણ સ્તર પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે. આ સ્તરો અને તેમની વિગતો શિક્ષકો શું કરી શકે છે અને ક્યા ક્ષેત્રોમાં તેઓ વધુ વિકાસ કરી શકે છે તે દૃષ્ટિકોણ રચવા અભિગમ બનાવવા માટે ઉપયોગમાં લેવાનો છે. તે શિક્ષકોએ હાંસલ કરેલા કૌશલ્યના પુરાવાના આધારે શિક્ષકોની નિમણૂકમાં પણ મદદરૂપ થાય છે.

1. પ્રવીણ
2. ઉન્નત
3. કુશળ

NPST એક માર્ગદર્શક દસ્તાવેજ છે જે ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષકોને તૈયાર કરવામાં અને ઉત્પન્ન કરવામાં જોડાયેલા તમામ હિતધારકોને મદદ કરે છે. તે શિક્ષકોને શિક્ષક બનવાના નિર્ણયથી લઈને તેમની શિક્ષક યાત્રા પૂર્ણ કરે ત્યાં સુધી તેમને દરેક પગલે કુશળતાનો માર્ગ બતાવે છે. આ દસ્તાવેજ શિક્ષણ પ્રદાન કરતી સંસ્થાઓને ગુણવત્તાવાળા શિક્ષકો બનાવવામાં માર્ગદર્શન આપે છે.

માપદંડોને શિક્ષણ પ્રોફાઈલના લક્ષિત તબક્કા સૂધી પહોચવા માટેની પુર્વાવશ્યક ક્ષમતાઓ તરીકે વ્યાખ્યાયિત અને વર્ગીકૃત કરવામાં આવ્યાં છે. શિક્ષક કારકિર્દીના લક્ષિત તબક્કે પહોંચવા કૌશલ્યો પ્રાપ્ત કરી અને જરૂરી ક્ષમતાઓના પુરાવા રજૂ કરીને પૂર્વાવશ્યકતાઓને પૂર્ણ કરશે. તબક્કાના માપદંડોને પૂર્ણ કર્યા પછી, શિક્ષક પ્રમાણિત થાય છે અને નિર્ધારિત રીતે તે દરેક તબક્કે પ્રગતિ કરે છે. આ રીતે શિક્ષક પ્રાપ્ત કરેલ કૌશલ્યને શિક્ષણના અભ્યાસમાં લાગુ કરશે અને કારકિર્દીના આગામી તબક્કા માટેના કૌશલ્ય પર કામ શરૂ કરશે.

સફળ શૈક્ષણિક કારકિર્દી માટે તૈયાર થવાની યાત્રા વ્યક્તિના શિક્ષક શિક્ષણ કાર્યક્રમ (TEP)માં પ્રવેશના પ્રથમ દિવસે જ શરૂ થાય છે. એક વિદ્યાર્થી શિક્ષકે શૈક્ષણિક કારકિર્દી માટે તૈયારી કરતી વખતે પ્રારંભિક તબક્કામાં જે કૌશલ્ય મેળવવા જોઈએ એ NPST દર્શાવે છે. તેથી, જ્યારે સંભવિત શિક્ષક શિક્ષણ વ્યવસાયમાં જોડાવાનો નિર્ણય કરે છે, ત્યારે તે NCTE માન્યતા પ્રાપ્ત શિક્ષક શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ મેળવીને શિક્ષક બને છે. આ સંસ્થા વિદ્યાર્થી શિક્ષકને એક પાઠ્યક્રમ પર શિક્ષિત કરશે જે શિક્ષણ વ્યવસાયના પ્રથમ કારકિર્દી તબક્કે પહોંચવા માટે જરૂરી કૌશલ્ય પર આધારિત બનાવવામાં આવ્યું છે. આ માપદંડ પૂર્વ-સેવા શિક્ષક શિક્ષણ સંસ્થાઓ દ્વારા અભ્યાસક્રમના આયોજન અને કાર્યક્રમની પ્રસ્તુતિમાં મળવાના લઘુતમ ધોરણો હશે. વિદ્યાર્થી શિક્ષક તેમની આજીવન અભ્યાસ અને શિક્ષક તાલીમના પ્રારંભિક માર્ગદર્શક આધારે શીખવું અને શીખવવાની પ્રક્રિયાને અસરકારક રીતે મદદ કરે તેવું જરૂરી જ્ઞાન, કુશળતા, મૂલ્યો અને અભિગમને વિકસિત કરશે.

NEP ૨૦૨૦ નક્કી કરે છે કે શાળાના દરેક તબક્કા માટે એક શિક્ષક પાત્રતા પરીક્ષા (TET) શિક્ષક વ્યવસાયમાં પ્રવેશ કરવા માટેની પૂર્વ-આવશ્યકતા રહેશે. તેથી, TET આંકશે અને સુનિશ્ચિત કરશે કે તેવા ઉમેદવારોની ઓળખ કરવામાં આવે છે, અને તેમની TET પ્રોફાઈલ તેમની યોગ્યતાની મર્યાદા દર્શાવે છે. જ્યારે નવો શિક્ષક શિક્ષણ વ્યવસાયમાં સ્થાયી થઈ જાય છે, ત્યારે તેને NPST આધારિત કારકિર્દીના તબક્કાની તૈયારી કરવા માટે માર્ગદર્શીત કરાશે. વ્યાવસાયિક માટે સ્વીકૃત તમામ માપદંડ શિક્ષકની યોગ્યતાઓના સ્તરને દર્શાવતાં પરફોર્મન્સ ઈન્ડિકેટર્સ (PI) (પ્રદર્શન સૂચકો) દ્વારા શિક્ષકના કૌશલ્યનું મૂલ્યાંકન કરશે. તબક્કાવાર યોગ્યતા પ્રાપ્ત કરવા માટેનો લઘુત્તમ સમયગાળો પાંચ વર્ષનો છે. શિક્ષકના ગુણવત્તા ખાતરી અને પ્રદર્શન સૂચકોને નેશનલ મિશન ફોર મેન્ટોરિંગ (NMM) કાર્યક્રમ સાથે જોડાયેલા હોવા જોઈએ અને ઉત્કૃષ્ટ શિક્ષકોને માર્ગદર્શકોન સમૂહમાં સામેલ કરવામાં આવશે. તે વિવિધ વ્યક્તિઓ વચ્ચે અરસપરસ શીખવાની તક લાવે છે જે તેમને વ્યાવસાયિક વિકાસ તરફ દોરી જાય છે.

મેળવેલા કૌશલ્યના આધારે ત્રણ અલગ અલગ સ્તરના શિક્ષકો આ પ્રમાણે છે:

**૧. પ્રવીણ શિક્ષક:**

કારકિર્દીના આ તબક્કે, શિક્ષક પાસેથી શીખવવું અને શીખવવાની માટે મહત્વપૂર્ણ યોગ્યતા દર્શાવવા માટે વ્યવસાયિક રીતે સ્વતંત્ર હોવાની અપેક્ષા રાખવામાં આવે છે. પ્રવીણ શિક્ષકને વ્યાવસાયિક વિકાસ કાર્યક્રમોમાં મેળવેલા જ્ઞાન અને અભ્યાસને મજબૂત બનાવવા માટે શાળાના માર્ગદર્શકોનું સમર્થન મળશે. શાળાના માર્ગદર્શકો પ્રવીણ શિક્ષકોને શૈક્ષણિક અભ્યાસ સુધારવામાં મદદ કરશે. એકવાર પ્રવીણ શિક્ષક પ્રાપ્ત કરેલી યોગ્યતના અમલમાં પ્રદર્શનના શ્રેષ્ઠ સ્તર પર પહોંચી જાય, તે પછી તેને કારકિર્દીમાં આગળના તબક્કા એટલે કે ઉન્નત શિક્ષક તબક્કાની તૈયારી માટે માર્ગદર્શન આપવામાં આવશે. નિપુણ શિક્ષક અભ્યાસક્રમની સામગ્રીનું આયોજન કરવા, સંસાધનો

પસંદ કરવા, પાઠ્યપુસ્તકોનો અર્થપૂર્ણ ઉપયોગ કરવા, વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમના ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા, વિદ્યાર્થીઓની સુખાકારી અને વિકાસ માટે કાળજી અને ચિંતા અને વિદ્યાર્થીઓ સાથે અસરકારક સંચારનું નિદર્શન કરશે. તે શીખવાની જરૂરિયાતને સંબોધવા માટે વ્યક્તિગત શિક્ષણની જરૂરિયાતને ઓળખશે; નજીકના જોડાયેલા હિતધારકો, માતા-પિતા અને શાળા વ્યવસ્થાપન સાથે પરસ્પર સંવાદ સાધશે; તેમજ લોકતંત્ર અને અને બંધારણીય મૂલ્યો અને ફરજોને પ્રોત્સાહન આપશે.

### ૨. ઉન્નત શિક્ષક :

કારકિર્દીના આ તબક્કે, શિક્ષક પાસેથી શિક્ષણ-અધ્યયન પ્રક્રિયાને લાગતા શિક્ષણના સર્વોત્તમ માપદંડોને પ્રદર્શિત કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. તે શિક્ષણ-અધ્યયન માટે આવશ્યક કૌશલ્યના અમલમાં વ્યાવસાયિક રીતે સક્ષમ હશે. ઉન્નત શિક્ષકોએ પ્રવીણ તબક્કાના શિક્ષકો માટે સમકક્ષ નેતૃત્વની ભૂમિકા નિભાવશે. આચાર્ય/મુખીયા/જુનિયર કારકિર્દી ધારકો દ્વારા ઉન્નત શિક્ષકોના અભ્યાસનું અવલોકન કરવામાં આવશે અને તે અનુસાર તાલીમ આપવામાં આવશે. એકવાર ઉન્નત શિક્ષક આગળના કારકિર્દી તબક્કા માટે તૈયાર થઈ જાય, ત્યારે તેને નિષ્ણાત શિક્ષકનો દરજ્જો પ્રાપ્ત કરવામાં માર્ગદર્શન આપવામાં આવશે. તે/તેણી કારકિર્દીના આ તબક્કે શ્રેષ્ઠ કારક સાથે કાર્ય કરવા, અનુકૂલન અને અમલી માટે પર્યાપ્ત રીતે જાગૃત રહેશે, વિષયના ક્ષેત્રે વિકાસ પ્રત્યે જાગૃત રહેશે, કૌશલ્યના એકીકરણ અને સમગ્ર અભ્યાસક્રમ સામગ્રી સાથે નવા અભ્યાસક્રમની સામગ્રી સાથે કામ કરશે. તે/તેણી વિદ્યાર્થીઓની વ્યક્તિગત તેમજ વિવિધ શિક્ષણ જરૂરિયાતોને સંબોધવામાં સક્ષમ હશે, સરખામણી કરશે, નવીન કરશે અને સમસ્યાઓ હલ કરશે. તે/તેણી તાત્કાલિક મધ્યમ અને લાંબાગાળાના વિદ્યાર્થીના અધ્યયન/શૈક્ષણિક ઉદ્દેશ્ય માટે સાધનસંપન્ન રહેશે અને પડકારોનો સામનો કરવા અને શાળા અને સમુદાયમાં વિવિધ હિતધારકો સાથે કર્મ કરશે.

### ૩. નિષ્ણાત શિક્ષક (કુશળ શિક્ષક):

આ સ્તરે, શિક્ષકો માર્ગદર્શક અથવા સમકક્ષ નેતાની ભૂમિકા માટે અસાધારણ ક્ષમતા સાથે ઉચ્ચતમ માપદંડને ચરિતાર્થ કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે અને અન્ય શિક્ષકોને તેમની યોગ્યતાઓને સુધારવામાં તેમજ શાળાના વ્યાવસાયિક વિકાસ કાર્યક્રમનું નેતૃત્વ કરવામાં મદદ કરશે. કારકિર્દીના આ તબક્કે, શિક્ષક સતત તેમના શિક્ષણ અધ્યયનમાં શ્રેષ્ઠ સ્તરનું પ્રદર્શન પ્રદર્શિત કરશે, સહયોગથી કાર્ય કરશે અને સહકર્મચારીઓને અધ્યાપન અને શિક્ષણની પ્રક્રિયામાં માર્ગદર્શન આપશે. તે ઉપરાંત, એક નિષ્ણાત શિક્ષક સહકર્મચારીઓ અને વિદ્યાર્થીઓની અધ્યયનની જરૂરિયાતો પર ચિંતનથી પોતાનો વ્યવસાયિક વિકાસ કરવા માટે સતત ઝંખતો હોય છે. નિષ્ણાત શિક્ષકો સાથીઓના અવલોકનોમાં સામેલ થશે અને તેમના પોતાના અને અન્યના શિક્ષણ માટે જવાબદાર રહેશે. નિષ્ણાત શિક્ષક અન્ય લોકોને આગામી કારકિર્દી તબક્કે પ્રગતિ માટે માર્ગદર્શન આપશે. તેઓને કૌશલ્ય પ્રાપ્ત કરવા અને કારકિર્દીના આગલા તબક્કાને સંબંધિત પુરાવાઓ વિકસાવવા માટે માર્ગદર્શન આપવામાં આવશે. તે/તેણી શાળાઓમાં પ્રશિક્ષણ માટેના સમુદાય વિકસાવીને તેમની પોતાના અને અને અન્યના અભ્યાસને સુધારવા માટે અસાધારણ ક્ષમતાનું પ્રદર્શન કરશે.

## ૩.૩ કૌશલ્યની વૃદ્ધિ અને વિકાસ

વર્ણવેલા વ્યાવસાયિક ક્ષેત્રોમાં કૌશલ્યની વૃદ્ધિ અને વિકાસ શક્ય અને ઇચ્છનીય બંને છે. આ વૃદ્ધિ અને વિકાસ શિક્ષણને લગતા દરેક પ્રકારના કૌશલ્ય પર લાગુ પડે છે: જ્ઞાન, અભિગમ, માન્યતાઓ, કુશળતા, વલણ, મૂલ્યો, વિષય સામગ્રી, વિધાર્થીઓની સમજ, સમુદાયો, શિક્ષણનું દાર્શનિક ઉદ્દેશ્યો વગેરે. વ્યાપક રીતે, ત્રણ માર્ગો આવી વૃદ્ધિ માટે દોરી જાય છે:

**(ક) અનુભવ:** અનુભવ અને ચિંતન શિક્ષકોને શિક્ષણના અભ્યાસ વિશે, જ્ઞાનને, સિદ્ધાંતો અને માન્યતાઓને, સંદર્ભને, વિદ્યાર્થી અને શિક્ષણની પ્રક્રિયાને, અને તેમની શૈક્ષણિક લક્ષ્યોને બહોળા કરવાની સમજની તરફ દોરે છે. શરૂઆતમાં, શિક્ષકનું ધ્યાન શિક્ષણના નિયમો સાથે વધુ પરિચિત થવા અને વિવિધ વ્યાવસાયિક અને કાર્યસ્થળની માંગણીઓ સાથે પરિચિત થવા પર કેન્દ્રિત થાય છે, જે કોઈ પણ વ્યવસાય માટે સામાન્ય છે. ધીરે ધીરે, તેની પાસે વધુ માનસિક સમય ફાજલ થાય છે જેથી શિક્ષણના મુખ્ય કાર્ય અને બધા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક લક્ષ્યો પામવા માટે સક્ષમ બને છે. પૂર્વ-સેવા શિક્ષક શિક્ષણ તબક્કા દરમિયાન 'સૈદ્ધાંતિક' અધ્યયનનું મહત્વ અને મૂલ્ય પણ શિક્ષકો દ્વારા વધુ સ્પષ્ટ અને મૂલ્યવાન બને છે. શિક્ષકો વ્યાવસાયિક ઓળખ અને વ્યવસાયની જ સમજણની વધુ સમજણ પણ બનાવે છે. બધા શિક્ષકો અનુભવ દ્વારા શીખે છે અને વિકાસ કરે છે. પૂર્વ-સેવા શિક્ષક શિક્ષણ તબક્કા દરમિયાન 'સિદ્ધાંત' અધ્યયનનું મહત્ત્વ અને મૂલ્ય વધુ દેખીતું અને મૂલ્યવાન બને છે. શિક્ષકો વ્યાવસાયિક ઓળખ અને અને વ્યવસાયની સમજનો ઉચ્ચ ભાવ પામે છે. તમામ શિક્ષકો અનુભવથી શીખે છે અને વિકસે છે.


**(ખ) સંપર્કમાં આવવું અને પરસ્પર સંવાદ:** વ્યાવસાયિક શિક્ષણની સામાજિક પ્રકૃતિ હવે વધુને વધુ સ્વીકારવામાં આવી રહી છે. સાથીદારો અને સહકર્મચારીઓ સાથે વાત કરીને શીખવું અને 'અન્ય જગ્યાએ કેવી રીતે વસ્તુઓ થાય છે' વગેરે શિક્ષકો માટે અધ્યયન કરવા અને વૃદ્ધિ પામવા માટે મહત્વપૂર્ણ સ્ત્રોત છે. પરિષદો અને વર્કશોપોમાં હાજરી આપવી, અભ્યાસ અને વ્યાવસાયિક શિક્ષણ સમુદાયોના ભાગ બનવું અને શિક્ષણ સિવાયના કાર્યસ્થળોની મુલાકાત શિક્ષકોને ચિંતન અને અધ્યયન કરવા માટેના અવસરો પ્રદાન કરે છે.

**(ગ) સતત વ્યાવસાયિક વિકાસ:** વર્કશોપ, ક્ષમતા નિર્માણ સત્રો, નવી કુશળતામાં વધારો કરવા માટેના ઓનલાઈન અને ઓફલાઈન અભ્યાસક્રમો સતત વ્યાવસાયિક વિકાસ માટે નવા જ્ઞાન, અભ્યાસ અથવા નવી કૌશલ્ય ક્ષેત્રો અને યોગ્યતાઓ વિકસાવવા માટે અવસરો પ્રદાન કરે છે તેમજ મિશ્રિત યોગ્યતા વિકસાવે છે જેથી કરીને કારકિર્દીના નવા માર્ગોની તરફ દોરે છે. આ રીતે નવા ક્ષેત્રો વિશે અધ્યયન કરવા અને વધુ નિપુણતા વિકસાવવાની એક મહત્વપૂર્ણ તક છે.

## ૩.૪ શિક્ષકો માટેના રાષ્ટ્રીય વ્યાવસાયિક માપદંડ (NPST)

માપદંડોને, સામાન્ય રીતે, શિક્ષણની ગુણવત્તાને અસરકારક રીતે વ્યાખ્યાયિત કરવા અને તેને પ્રાપ્ત કરવાના પથદર્શક તરીકે જોવામાં આવે છે. તેઓ "સારા શિક્ષણ"નું પ્રતિનિધિત્વ કરે છે, તેમજ "માપદંડોને પામવા"નો મતલબ શું થાય છે તે સમજે છે. વ્યાવસાયિક રીતે, આ માપદંડ તેમના હેતુ અને આવરણના આધારે વર્ગીકૃત કરવામાં આવે છે. આ માંપદંડો સામાન્ય અથવા સંબંધિત અભ્યાસના ક્ષેત્રોમાં ચોક્કસ હોઈ શકે છે. તેને તમામ

શિક્ષણ વ્યાવસાયિકોને એકસાથે આવરી લેતી મૂળભૂત વ્યાખ્યામાં પણ આવરી શકાય છે અથવા કારકિર્દીના વિવિધ તબક્કામાં શિક્ષકો માટે પ્રવીણ થી નિષ્ણાત એમ દરેક સ્તર સુધીનો રોડમેપ પૂરો પાડે છે.




આકૃતિ ૨: વ્યવસાયિક માપદંડ અને યોગ્યતા પર રેખાંકન

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ની પરિકલ્પનાને પ્રાપ્ત કરવા, ઉલ્લેખિત ત્રણ કાર્યક્ષેત્ર પરના માપદંડ શિક્ષક વ્યવસાયિકોની આજીવન કારકિર્દીની ઉત્ક્રાંતિને વિસ્તૃત રીતે વ્યાખ્યાયિત કરે છે. NCERT, SCERTs, દરેક સ્તર અને પ્રદેશના શિક્ષકો, શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ, નિષ્ણાત સંસ્થાઓ તેમજ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ સાથે પરામર્શ કરીને NPST નો સામાન્ય માર્ગદર્શક સંપુટ વિકસાવવામાં આવેલ છે.

# ૪. શિક્ષકો માટેના રાષ્ટ્રીય વ્યવસાયિક માપદંડ (NPST) માળખું

રાષ્ટ્રીય શિક્ષકો માટેના વ્યવસાયિક માપદંડ (NPST)ના માળખાના કારકિર્દીલક્ષી પરિબળો શિક્ષકોના કાર્યના ચોક્કસ પાસાઓ દ્વારા વર્ણવી શકાય છે. માળખું નીચે આપેલા ત્રણ આંતરસંબંધિત ક્ષેત્રોમાં ગોઠવાયેલ છે જેને 'માપદંડ' કહેવાય છે જે વર્ણવ્યા પ્રમાણે બહુવિધ ક્ષેત્રોને આવરી લે છે.

**૪.૧ માપદંડ ૧: આંતરિક મૂલ્યો અને નૈતિકતા** - આ માપદંડ શિક્ષકે પોતાનામાં જાગૃત કરવાના આંતરિક મૂલ્યો અને નૈતિકતાને લગતા મુદ્દાઓ આવરે છે. આંતરિક મૂલ્યો અને નૈતિકતા શિક્ષણના વ્યવસાયમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તેઓ માર્ગદર્શક સિદ્ધાંત તરીકે સેવા આપે છે જે શિક્ષકના મૂલ્યોના વિકાસ ને વ્યાવસાયિક આકાર આપે છે જેમ કે સૅનિષ્ઠતા, વ્યવસાયિકરણ, પ્રામાણિકતા, આદર, વિશ્વાસ અને વર્ગખંડમાં પરસ્પર સમજણ, અને શિક્ષકોની કુશળતા અને આજીવન ચાલતા અધ્યયનને સતત સુધારવામાં મદદ કરે છે. આંતરિક મૂલ્યો અને નૈતિકતાનું આચરણ કરીને, શિક્ષકો એક સમાન અને સમાવેશી સમાજ માટેનો પાયો નાખે છે.




આકૃતિ ૩: આંતરિક મૂલ્યો અને નૈતિકતા પર રેખાંકન

**૪.૨ માપદંડ ૨: જ્ઞાન અને અભ્યાસ** - આ માપદંડ શિક્ષક પાસેથી શું આવડવું જોઈએ, શાની જાણકારી હોવી જોઈએ, તેમના વિદ્યાર્થી વિશે તેમજ શિક્ષણ-અધ્યયન વિશેની સમજની અપેક્ષાઓ રાખવામાં આવે છે તે સંબંધિત ક્ષેત્રોને આવરી લે છે જેથી કરીને કારકિર્દીના દરેક સ્તરે તે અસરકારક રીતે કામ કરી શકે. માપદંડ એ પણ ચીતરે છે કે શિક્ષણ અને અધ્યયનની પ્રક્રિયા અને અધ્યયનની આંકલન કરતી વખતે બાળકો માટે શિક્ષક કેવાં પ્રકારના યોગ્ય અધ્યયનના અનુભવોનું પ્રયોજન કરે છે. શિક્ષકના જ્ઞાન અને અભ્યાસનું ક્ષેત્ર વિશાળ છે અને તેમા વિષયક જ્ઞાન, વિષયને રજૂ કરવાની રીતોની જાણકારી, શૈક્ષણિક લક્ષ્યો અને રાષ્ટ્રીય શિક્ષણ તંત્રની જાણકારી, નીતિઓ અને ઇતિહાસ, સિદ્ધાંતોના અધ્યયનની જાણકારી, શીખનારના સંદર્ભની વિશિષ્ટ જાણકારી, અને શૈક્ષિક પ્રથાઓની જાણકારીનો સમાવેશ થાય છે. જ્ઞાન અને અભ્યાસમાં 'કામ કરવું' તેની ક્ષમતાઓ અને સ્વભાવનો સમાવેશ થાય છે અને એક કારક ની ભાવના હોય છે: વિદ્યાર્થીઓને સમાવિષ્ટપણે અને અર્થપૂર્ણ રીતે જોડાવા,

યોજના કરવા, શીખવવા, મૂલ્યાંકન અને ચિંતા કરવા, પસંદ કરવા, વિકાસ કરવા અને સંસાધનોનો ઉપયોગ કરવા, ડિઝાઈન કરવા અને શિક્ષણના અનુભવો અલગ અભ્યાસક્રમની જગ્યાઓ વર્ગખંડ, પુસ્તકાલય, પ્રયોગશાળ, 'ફીલ્ડ'ની મુલાકાતો, પરિસરમાં કે રમતના મેદાનમાં પણ વિદ્યાર્થીઓને સર્વગ્રાહી રીતે શીખવા અને વિકાસ કરવા માટે મદદ આપવી.




**આકૃતિ ૪: જ્ઞાન અને અભ્યાસ પર રેખાંકન**

**૪.૩ માપદંડ ૩ : વ્યવસાયિક વૃદ્દિ્ધ અને વિકાસ** - આ માપદંડ સતત વ્યવસાયિક વિકાસ (કન્ટેનિયસ પ્રોફેશનલ ડેવલપમેંટ (CPD)) માટેના કાર્યક્રમોમાં ભાગીદારી દ્વારા કારકિર્દીના દરેક સ્તરે વ્યાવસાયિક જ્ઞાન/યોગ્યતા અને અભ્યાસને સુધારવા માટે શિક્ષક પાસે શું કરવાની અપેક્ષા રાખવામાં આવે છે તેને સંબંધિત ક્ષેત્રોને આવરી લે છે. શિક્ષકોએ એક વ્યવસાયિક તરીકે પોતાની વ્યવસાયિક ઓળખનું મૂલ્ય કરવાની જરૂર છે અને પોતાની યોગ્યતાઓઓની વૃદ્દિ્ધ અને વિકાસ માટે સતત પ્રયાસ કરવો જોઈએ. આ દસ્તાવેજમાં ઉપયોગમાં લેવાયેલી યોગ્યતાની કાર્યકારી વ્યાખ્યા પ્રમાણે, તે જ્ઞાન, અભિગમ અને ક્ષમતાને આવરી લે છે.




**આકૃતિ ૫: વ્યવસાયિક વૃદ્દિ્ધ અને વિકાસ પર રેખાંકન**

<table>
<tr><th colspan="4">માપદંડ ૧: આંતરિક મૂલ્યો અને નૈતિકતા</th></tr>
<tr><th colspan="4">આંતરિક મૂલ્યો અને વ્યવસાયિક નૈતિકતા કે જે શિક્ષક દ્વારા અભિવ્યક્ત થવાની અપેક્ષા છે</th></tr>
<tr><th>ક્ષેત્ર</th><th>ક્ષેત્ર</th><th>ક્ષેત્ર</th><th>ક્ષેત્ર</th></tr>
<tr><td rowspan="4">ભારતના બંધારણમાં સમાવિષ્ટ બંધારણીય મૂલ્યો</td><td colspan="3">બંધારણીય મૂલ્યોના સંદર્ભમાં તર્ક, પ્રાથમિકતા, ચિંતન અને સમજાવવાની ક્ષમતા</td></tr>
<tr><td colspan="3">માહિતીનો નૈતિક રીતે, જવાબદારીપૂર્વક ઉપયોગ કરવાની અને વિદ્યાર્થીઓના ગૌરવની ખાતરી કરવાની ક્ષમતા</td></tr>
<tr><td colspan="3">ભારતીય બંધારણની કલમ 51A માં આપવામાં આવેલ મૂળભૂત ફરજની જાગૃતિ અને અભ્યાસ</td></tr>
<tr><td colspan="3">વિરોધાભાસી પરિસ્થિતિના કિસ્સામાં કાનૂની જવાબદારીઓ, નિયમો, નીતિઓ અને નૈતિક તર્કને સમજવાની અને જટિલ વાતાવરણમાં વાટાઘાટો કરવાની ક્ષમતા</td></tr>
<tr><td rowspan="5">વ્યવસાયિક સંબંધો</td><td colspan="3">શીખનારો માટે સહ-અભ્યાસક્રમની તકો શરૂ કરવા માટે અન્ય વ્યાવસાયિકો અને સંસ્થાઓ સાથે ઇન્ટરફેસ કરવું</td></tr>
<tr><td colspan="3">બાળકના સર્વાંગી વિકાસમાં માતા-પિતા અને સમુદાયની ભૂમિકાને સ્વીકારવી અને સમજવી</td></tr>
<tr><td colspan="3">સંસાધનોની વહેંચણી વગેરે માટે પોતાની શાળા અને અન્ય સંસ્થાઓ અને સમુદાય વચ્ચે પરસ્પર જોડાણ જાળવવાની ક્ષમતા.</td></tr>
<tr><td colspan="3">શાળાની અંદર અને બહાર વિવિધ હિતધારકો સાથે સંબંધોને ઉછેરવાની અને જટિલ અને પડકારજનક વાતાવરણમાં વાટાઘાટો કરવાની ક્ષમતા</td></tr>
<tr><td colspan="3">સંસ્થાને અસરકારક રીતે અને કાર્યક્ષમ રીતે કાર્ય કરવા માટે સક્ષમ બનાવવા માટે લક્ષ્યો અને વ્યૂહરચના નક્કી કરવાની, તમામ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક લક્ષ્યો પ્રાપ્ત કરવાની અને શાળાના તમામ સભ્યો માટે અનુકૂળ કાર્ય વાતાવરણ અને સુખાકારીની સુનિશ્ચિત કરવાની ક્ષમતા</td></tr>
</table>

| માપદંડ 2: જ્ઞાન અને અભ્યાસ | | | | |
|---|---|---|---|---|
| વર્ગખંડમાં અસરકારક શિક્ષણશાસ્ત્રની પદ્ધતિઓના સંદર્ભમાં શિક્ષક પાસેથી શું જાણવાની, સમજવાની અને કરવા સક્ષમ હોવાની અપેક્ષા રાખવામાં આવે છે | | | | |
| **ક્ષેત્ર** | **પેટા ક્ષેત્ર** | **નિપુણ શિક્ષક** | **ઉન્નત શિક્ષક** | **નિષ્ણાત શિક્ષક** |
| દરેક બાળકની અનન્ય ક્ષમતાઓને જાણવી, ઓળખવી અને તેને પ્રોત્સાહન આપવું | બાળ વિકાસ અને શિક્ષણ પર અસર | વિકાસના વિવિધ તબક્કાઓ અને ક્ષેત્રો (જ્ઞાનાત્મક, ભાષાકીય, સામાજિક, ભાવનાત્મક અને શારીરિક) સંબંધિત સિદ્ધાંતોની સમજ | વ્યક્તિઓ માટે વિકાસની અને અધ્યયનની રીતને ઓળખવા માટે બાળ વિકાસના જ્ઞાન અને સમજણનો ઉપયોગ | સાથીદારો માટે બાળ વિકાસ સિદ્ધાંતોની આદર્શ ઉપયોગિતા |
| | વિદ્યાર્થીઓની વિવિધતા | વિદ્યાર્થીની વિવિધતાના વિવિધ પ્રકારો (અધ્યયનની શૈલીઓ, અધ્યયનની જરૂરિયાતો, સામાજિક-આર્થિક સ્થિતિ, સંસ્કૃતિ, ભાષા, કુટુંબનું માળખું વગેરે સહિત)ની સ્પષ્ટ સમજ વિકસાવવી અને શાળા અને વર્ગખંડમાં આ વિવિધતાને સંબોધિત કરવી. | વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતોને પહોંચી વળવા અને સમાવેશી વર્ગખંડ બનાવવા માટે શિક્ષણ સંસાધનોના જ્ઞાનનો ઉપયોગ | વર્ગખંડના અનુભવના આધારે વ્યક્તિગત વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતોનું નિદાન અને સંબોધવાની ક્ષમતા. |
| | વિકલાંગ વિદ્યાર્થીઓ અને હોશિયાર વિદ્યાર્થીઓના શિક્ષણની જરૂરિયાતો | વિવિધ પ્રકારની વિકલાંગતાઓ અને તેમની વિશેષ અધયાયનની જરૂરિયાતો તેમજ હોશિયાર બાળકોની જરૂરિયાતોનું જ્ઞાન દર્શાવવું અને તેમના શિક્ષણને મદદ આપવા વ્યૂહરચના બનાવવી. | વર્ગમાં વિવિધ વિદ્યાર્થીઓની જરૂરિયાતોને ઓળખવા અને સંબોધવા માટે વિશેષ જરૂરિયાતોના જ્ઞાનનો ઉપયોગ | વિશેષ જરૂરિયાતોને ઓળખવાની ક્ષમતા કે જેમાં નિષ્ણાતના હસ્તક્ષેપની જરૂર હોય અને આવી પરિસ્થિતિઓમાં કેવો અભિગમ રાખવો તે અંગે સાથીદારોને માહિતી પ્રદાન કરો |
| વિષયનું જ્ઞાન, વૈચારિક સમજ અને પ્રયોજન | | વિષય ક્ષેત્રના જ્ઞાન, સમજણ અને પ્રયોજનના પ્રસારમાં ક્ષમતાઓ દર્શાવો | આંતરીક અને આંતર વિષય સામગ્રી જોડાણો લાગુ કરે છે અને સ્થાનિક અને સ્વદેશી જ્ઞાનને એકીકૃત કરે છે | વિષય ક્ષેત્રના વિકાસ સાથે અદ્યતન રહે છે અને અભ્યાસક્રમ વ્યવહારમાં નવા ખ્યાલો લાવે છે |
| અભ્યાસક્રમ | અભ્યાસક્રમ માળખું | વિષય/વિદ્યાશાખાના અભ્યાસક્રમ અને અભ્યાસક્રમ માળખાના લક્ષ્યોની સ્પષ્ટ સમજણ વિકસાવવું | આંતરિક અને આંતર વિષય અભ્યાસક્રમ જોડાણોને સમજવા અને વિકસાવવા માટે સહકર્મીઓ સાથે સહયોગ | નવીનતમ વિકાસ અને નવા જ્ઞાનને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમના વ્યવહારમાં ફેરફાર અને વિકાસ |

| મા૫દંડ 2: જ્ઞાન અને અભ્યાસ | | | | |
|---|---|---|---|---|
| વર્ગખંડમાં અસરકારક શિક્ષણશાસ્ત્રની પદ્ધતિઓના સંદર્ભમાં શિક્ષક પાસેથી શું જાણવાની, સમજવાની અને કરવા સક્ષમ હોવાની અપેક્ષા રાખવામાં આવે છે | | | | |
| **ક્ષેત્ર** | **પેટા ક્ષેત્ર** | **નિપુણ શિક્ષક** | **ઉન્નત શિક્ષક** | **નિષ્ણાત શિક્ષક** |
| વિદ્યાર્થીઓના શિક્ષણ માટે સામગ્રી વિકાસ | સૂચનાત્મક/શિક્ષણશાસ્ત્રની વ્યૂહરચના અને શિક્ષણ વર્ગીકરણ | સામાન્ય સૂચનાત્મક વ્યૂહરચનાઓ, શિક્ષણમાં વપરાતું શિક્ષણનું વર્ગીકરણ અને સામાન્ય શિક્ષણશાસ્ત્રની પદ્ધતિઓ અને સંસાધનોની સમજ | પોતાના વિષય/શિક્ષણ ક્ષેત્રમાં શિક્ષણનું વર્ગીકરણ અને શિક્ષણશાસ્ત્રની વ્યૂહરચનાઓનો ઉપયોગ કરીને વિકાસાત્મક રીતે યોગ્ય શિક્ષણ લક્ષ્યો/પરિણામો વિકસાવવા | સક્રિય પાઠ યોજના રચવા માટે સહકર્મચારીઓને શિક્ષણના સિદ્ધાંતો, સૂચનાત્મક/શિક્ષણશાસ્ત્રીય વ્યૂહરચનાઓ અને શિક્ષણના વર્ગીકરણની પસંદગીમાં માર્ગદર્શન આપવું. |
| | વિભિન્ન સૂચના/શિક્ષણ | વિભિન્ન સૂચના/શિક્ષણ વ્યૂહરચનાઓની સ્પષ્ટ સમજણ અને વિદ્યાર્થીઓની શિક્ષણમાં ભાગીદારી વધારવામાં તેમની ભૂમિકા દર્શાવો | વિદ્યાર્થીઓને અભ્યાસમાં જોડવા માટે વિભિન્ન સૂચનાઓનો ઉપયોગ | વિદ્યાર્થીઓની સંલગ્નતા વધારવા માટેની વ્યૂહરચના અને વિકાસાત્મક રીતે યોગ્ય વિભિન્ન પ્રવૃત્તિઓ બનાવવા માટે સાથીદારોને માર્ગદર્શન આપવું. |
| | વિવેચનાત્મક વિચારસરણી, સર્જનાત્મક વિચારસરણી અને ઉચ્ચ-ક્રમની વિચારસરણી કુશળતા જેવા જીવન કૌશલ્યો વિકસાવવા માટેની વ્યૂહરચનાઓ અને સાધનો | વિવેચનાત્મક અને સર્જનાત્મક વિચારસરણી અને/અથવા અન્ય ઉચ્ચ-ક્રમની વિચારસરણીની કુશળતા વિકસાવતી સામાન્ય શિક્ષણશાસ્ત્રની વ્યૂહરચનાઓની ઊંડી સમજણ બતાવી. | આવી કુશળતા વિકસાવવા માટે યોગ્ય શિક્ષણશાસ્ત્રની વ્યૂહરચનાઓનો ઉપયોગ | આ ક્ષેત્રમાં તાજેતરના વિકાસના જ્ઞાનના આધારે નવી શિક્ષણશાસ્ત્રની વ્યૂહરચના રચવી |
| અધ્યયનની યોજનાઓ | શિક્ષણના લક્ષ્યો અને ઉદ્દેશ્ય | માપી શકાય તેવા અને પ્રાપ્ત કરી શકાય તેવા શિક્ષણના લક્ષ્યો અને ઉદ્દેશ્યની સમજ | અભ્યાસક્રમના ઢાંચા સાથે સંરેખિત વિષય માટે માપી શકાય તેવા અને પ્રાપ્ત કરી શકાય તેવા શિક્ષણના લક્ષ્યો અને ઉદ્દેશો બનાવવા | વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતોને સંતોષવા અને તેમના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને ઉચ્ચ અપેક્ષાઓ નક્કી કરવાની અને પડકારરૂપ છતાં પ્રાપ્ત કરી શકાય તેવા લક્ષ્યો વિકસાવવાની ક્ષમતા |
| | શિક્ષણના અનુભવોનું આયોજન | ચોક્કસ શિક્ષણના ઉદ્દેશ્ય માટે શિક્ષણની યોજના વિકસાવવાની ક્ષમતા | વ્યક્તિગત શીખનારાઓની જરૂરિયાતોને સમાવિષ્ટ કરીને વિભિન્ન શિક્ષણ યોજનાઓ બનાવવી | અભ્યાસક્રમના આધારે એકબીજા સાથે જોડાયેલ શિક્ષણની યોજનાઓની શ્રેણી બનાવવાની ક્ષમતા |

| માપદંડ 2: જ્ઞાન અને અભ્યાસ | | | | |
|---|---|---|---|---|
| વર્ગખંડમાં અસરકારક શિક્ષણશાસ્ત્રની પદ્ધતિઓના સંદર્ભમાં શિક્ષક પાસેથી શું જાણવાની, સમજવાની અને કરવા સક્ષમ હોવાની અપેક્ષા રાખવામાં આવે છે | | | | |
| **ક્ષેત્ર** | **પેટા ક્ષેત્ર** | **નિપુણ શિક્ષક** | **ઉન્નત શિક્ષક** | **નિષ્ણાત શિક્ષક** |
| શિક્ષણનું, માટે અને તરીકેનું મૂલ્યાંકન | મૂલ્યાંકનની વ્યૂહરચના | વિવિધ પ્રકારની મૂલ્યાંકનની વ્યૂહરચનાઓ અને સાધનોની સમજ | વિદ્યાર્થીઓની શીખવાની જરૂરિયાતોને આધારે યોગ્ય મૂલ્યાંકન વ્યૂહરચના પસંદ કરવી | સંસ્થાકીય, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે મૂલ્યાંકન નીતિઓનું જ્ઞાન પ્રદર્શિત કરવું |
| | મૂલ્યાંકનની માહિતી | મૂલ્યાંકન માહિતીમાંથી વિદ્યાર્થીઓ પર આંતરદૃષ્ટિ મેળવવી | લક્ષ્યો નક્કી કરવા અને શિક્ષણની યોજનાઓ બનાવવા માટે આકારણી માહિતી નો ઉપયોગ કરવો | વિદ્યાર્થી/વર્ગના પ્રદર્શનનો એકીકૃત દૃષ્ટિકોણ બનાવવા અને યોગ્ય ઉપાયો દ્વારા શિક્ષણને મેડમ કરવા માટે બહુવિધ સ્ત્રોતોમાંથી માહિતીનો લાભ લેવો |
| | સંચાર અને પ્રતિસાદ | વિદ્યાર્થીઓ, માતા-પિતા અને વાલી સાથે વિદ્યાર્થીઓના પ્રદર્શન માહિતી ની વાતચીત કરો. | વિદ્યાર્થીઓના પ્રદર્શન પર માતાપિતા/ વાલીને ચોક્કસ અને વિગતવાર પ્રતિસાદ આપવો. | વિદ્યાર્થીઓના શિક્ષણને માર્ગદર્શન આપવામાં માતાપિતા અને સમુદાયના સભ્યો સાથે સહયોગ કરો. |
| ટેક્નોલોજી ઉપયોગ અને શિક્ષણમાં સંકલન | | શિક્ષણમાં ટેક્નોલોજીની ભૂમિકાને સમજવું | શિક્ષણ-અધ્યયન, મૂલ્યાંકન અને વર્ગખંડ વ્યસ્થાપનને મદદ કરવા માટે ICT સાધનોનો ઉપયોગ કરે છે | પોતાના અને સહકર્મીઓ માટે શિક્ષણ અધ્યયનને મદદ કરવા માટે યોગ્ય તકનીકી સંસાધન બનાવે છે |

| મા૫દંડ 2: જ્ઞાન અને અભ્યાસ | | | | |
|---|---|---|---|---|
| વર્ગખંડમાં અસરકારક શિક્ષણશાસ્ત્રની પ્રથાઓના સંદર્ભમાં શિક્ષક પાસેથી શું જાણવા, સમજવા અને કરવાની અપેક્ષા રાખવામાં આવે છે | | | | |
| ક્ષેત્ર | પેટા ક્ષેત્ર | નિપુણ શિક્ષક | ઉન્નત શિક્ષક | નિષ્ણાત શિક્ષક |
| વર્ગખંડના ઘટકો અને ગતિશીલતા | સલામત, સંવર્ધન અને સહાયક શિક્ષણ વાતાવરણ | સલામત અને સમાવિષ્ટ વર્ગખંડ બનાવવા માટે સુવિધાઓ અને સંસાધનોનું આયોજન કરે છે | વિદ્યાર્થીઓને ડર્યા વિના અભિપ્રાયો વહેંચે તે માટે પ્રોત્સાહિત કરવા સહિત સર્વસમાવેશક અને સહાયક શિક્ષણ વાતાવરણને સુયોજિત કરે છે | સલામત અને સમાવિષ્ટ વર્ગખંડના વિકાસમાં વિદ્યાર્થીને સામેલ કરો |
| | વર્ગખંડ વ્યવસ્થાપન | વર્ગખંડ વ્યવસ્થાપન અભિગમ અને તેનો ઉપયોગ કરવાની ક્ષમતાનું જ્ઞાન દર્શાવે છે | વિદ્યાર્થીઓના વર્તનમાં વિવિધતાને સમજો અને સમાવો | વિદ્યાર્થીઓમાં સ્વ-શિસ્ત, વ્યક્તિગત જવાબદારી અને નેતૃત્વ વિકસાવે છે (આદર્શ ભૂમિકા) |
| | અસરકારક વર્ગખંડ સંચાર | વિવિધ મૌખિક અને બિન-મૌખિક વર્ગખંડ સંચાર વ્યૂહરચનાઓ સમજવાની ક્ષમતા મેળવો | શિક્ષણને સહભાગી બનાવવા માટે વિવિધ મૌખિક અને બિન-મૌખિક વર્ગખંડ સંચાર વ્યૂહરચનાઓનો ઉપયોગ કરો અને તેનો પ્રતિસાદ આપો | સહયોગી/માર્ગદર્શકને તેમના વર્ગખંડ સંચારને સુધારવામાં રચનાત્મક પ્રતિસાદ આપો |
| | ભાષાની વિવિધતા અને બહુભાષીવાદ | ભાષાની વિવિધતા અને સંબંધિત ભાષા(ભાષાઓ)માં પ્રાવીણ્યને ધ્યાનમાં લીધા વિગર તમામ બાળકો પ્રત્યે સર્વસમાવેશકતા દર્શાવો | શિક્ષણ અને અધ્યયનની સુવિધા માટે વર્ગમાં બહુભાષીયતાને રોજગારી આપવા માટે સહકાર્યકરોને મદદ કરવી | સાથીદારોમાં શિક્ષણ અને અધ્યયનની સુવિધા માટે બહુભાષીયતાના ઉપયોગની હિમાયત કરે છે |

| માપદંડ 3: જ્ઞાન અને અભ્યાસ | | | |
|---|---|---|---|
| વ્યવસાયિક વૃદ્ધિ અને વિકાસ | | | |
| ક્ષેત્ર | નિપુણ શિક્ષક | ઉન્નત શિક્ષક | નિષ્ણાત શિક્ષક |
| શિક્ષણ જરૂરિયાતો | શિક્ષણની જરૂરિયાતોને ઓળખો અને પોતાના વ્યાવસાયિક વિકાસ માટે લક્ષ્યો સ્થાપિત કરો. | હિતધારકો પાસેથી મળેલા વિચારોના આધારે વ્યાવસાયિક વિકાસ યોજના બનાવો. | યોજના બનાવો અને સહકાર્યકરોને વ્યાવસાયિક વિકાસની તકો પ્રદાન કરો |
| મનનાત્મક અભ્યાસ | મનનાત્મક અભ્યાસની સમજ દર્શાવવી | પોતાના શિક્ષણના અભ્યાસમાં ફેરફાર કરવા માટે મનનાત્મક અભ્યાસનો ઉપયોગ કરો | મનનાત્મક અભ્યાસને લાગુ પાડવામાં સહકર્મચારીઓને મદદ/માર્ગદર્શન આપવું |
| શિક્ષણ સમુદાયમાં સક્રિયતા અને સહભાગિતા | શાળાની અંદર અને બહાર શિક્ષણની તકોમાં ભાગ લો. | પરિષદો, પરિસંવાદો અથવા વેબિનાર્સમાં તેમના સંશોધન અને શિક્ષણને પ્રસ્તુત કરવા. | શાળામાં શિક્ષણ સમુદાયની શરૂઆત કરવી અને વ્યાવસાયિક વિકાસ સત્રોનું આયોજન કરવું. |

# ૫. અમલીકરણ

NCTQ શિક્ષકની ગુણવત્તા માટેનું રાષ્ટ્રીય કેન્દ્ર જે એક ડિજિટલ માધ્યમ છે તે NCTEમાં પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે જેમાં શિક્ષકો માટેના સંપુટ હશે અને NPSTના સંચાલન માટે જવાબદાર હશે. ઉપરાંત, વધુ સંસાધન વ્યક્તિઓ અને કચેરીઓના નિર્માણ માટે હિતધારકો/અમલીકરણની કચેરીઓની યોગ્યતા નિર્માણ કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. NPST માર્ગદર્શક દસ્તાવેજના અમલ અને તેની અસરની મૂલ્યાંકનનું પ્રયોગીકરણ સમગ્ર દેશની ૭૫ કેન્દ્ર સરકારની માલિકીની શાળાઓ (૨૫ KVS + ૨૫ NVS + ૨૫ CBSE) ની સાથે ૧૧૭૫ શિક્ષકો પર કરવામાં આવ્યું હતું. આ પ્રયોગાત્મક કાર્યક્રમના હેતુઓ, નીચે દર્શાવ્યા મુજબ, પ્રાપ્ત કરવામાં આવ્યા છે:

- શિક્ષકની યોગ્યતાના સ્તર અને કારકિર્દીના પડાવની ઓળખ
- NPSTના પ્રયોગાત્મક કાર્યક્રમની શિક્ષકોના કૌશલ્ય/યોગ્યતાઓ પર અસર
- NPST અમલીકરણના આયોજન માટે હિતધારકોના પ્રતિભાવ સંપાદિક કરવા

## ૫.૧ કાર્યની યોજના

NPST શિક્ષકની ગુણવત્તાના ચિતાર કરવા માટેના માપદંડને સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરીને અને શિક્ષકો માટે તેમની ક્ષમતાઓમાં સુધારો કરવા માટે વિકાસના માર્ગને સૂચવીને શિક્ષણમાં ધરમૂળથી પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે. અમલીકરણની યોજનાની કલ્પના અને પરીક્ષણ NPSTના નિયંત્રિત પ્રયોગ દરમિયાન કરવામાં આવ્યું છે. અમલીકરણની પ્રક્રિયામાં નીચેના પગલાનો સમાવેશ કરવામાં આવ્યો છે:

- લક્ષ્ય જૂથની નોંધણી
- માપદંડને લાગુ કરવું – શિક્ષકની કારકિર્દીના તબક્કાને ઓળખવા
- ગુણાત્મક આકારણી

NPST પ્રમાણે શિક્ષકોએ તેમની કૌશલ્ય અને યોગ્યતાઓને તેમની કારકિર્દીના દરમિયાન વિકસાવવી જોઈએ. શિક્ષકો સ્વ-મૂલ્યાંકન સાધનો તેમજ અન્ય મૂલ્યાંકન સાધનોની મદદથી તેમની યોગ્યતાનો નકશો બનાવી શકે છે. ઔપચારિક મૂલ્યાંકનમાં શિક્ષકની યોગ્યતાનું રેખાચિત્ર (પ્રોફાઈલ)ના વિકાસનો સમાવેશ થશે, જેમાં શિક્ષકના શિક્ષણની કામગીરીના પુરાવા, વર્ગખંડમાં પ્રદર્શન, હિતધારકો પાસેથી પ્રતિસાદ (૩૬૦ ડિગ્રી) અને/અથવા સાથીદારો અને માર્ગદર્શકોના અવલોકન અહેવાલોનો સામવેશ થશે. પ્રકરણ – ૬માં આપેલા સૂચક આકારણી માળખાના આધારે પ્રદર્શન સૂચકો (PI), વગેરે સહિત પરીક્ષણ/મૂલ્યાંકન માટેના સાધનો/સામગ્રી વિકસાવવામાં આવી શકે છે.

NPSTના અમલીકરણ માટે કાર્યની યોજના નીચે પ્રમાણે છે:

ક) NPST માર્ગદર્શક દસ્તાવેજને લાગુ પાડવો અને તેના અમલીકરણ માટે જવાબદાર સંસ્થાઓ અને એકમોની ક્ષમતાનો વિકાસ કરવો

ખ) NPST માર્ગદર્શક દસ્તાવેજનું રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો અનુકૂલન

ગ) NEP ૨૦૨૦ ના ફકરા ૫.૨૦માં પરિકલ્પના મુજબ શિક્ષક વ્યાવસાયિક વિકાસ, ક્ષમતા નિર્માણ, તાલીમ વગેરેની સાથે NPSTનું એકીકરણ

ઘ) શિક્ષકને યોગ્યતાઓ સુધી પહોંચવામાં સક્ષમ બનાવવા માટે સંસાધનો/સામગ્રી/સ્વ-વિકાસ માર્ગદર્શિકા/મૂલ્યાંકન સાધનોનો વિકાસ.

## ૫.૨ પ્રયોજ્યતા

ક) NPSTને યોગ્ય રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશની સરકાર દ્વારા નિયુક્ત કરાયેલી યોગ્ય એકમ દ્વારા અમલમાં મૂકવામાં આવશે અને તે જ રીતે કેન્દ્ર સરકાર હેઠળની સંસ્થાઓના કિસ્સામાં કરવામાં આવશે.

ખ) યોગ્ય નિયુક્ત એકમ (કેન્દ્ર/રાજ્ય) વિગતવાર પ્રક્રિયા ઘડશે અને શિક્ષકના વ્યાવસાયિક વિકાસ અને કારકિર્દી સંચાલન માટે NPST માર્ગદર્શક દસ્તાવેજ સાથે અમલીકરણ અને એકીકરણ માટે સૂચનાઓ મૂકશે.

ગ) યોગ્ય સરકાર NPST પર NCTE સાથે સંકલન માટે એક નોડલ અધિકારીની નિમણૂંક કરશે.

ઘ) NCTE નોડલ અધિકારીઓની બેઠકો/કાર્યશાળાઓનું આયોજન કરશે.

ચ) NPSTના અમલ માટે જવાબદાર દરેક નિયુક્ત સંસ્થા NCTE સાથે વિગતો વહેંચશે.

છ) NCTE ડેટાબેઝ જાળવશે, નિષ્ણાતો અને સાધનો સહિત સંસાધનોનું સંપુટ બનશે, અને યોગ્ય સરકાર/સંસ્થા સાથે માહિતી વહેંચશે.

જ) NEP ૨૦૨૦ના ફકરા ૫.૨૦ મુજબ NPSTને દેશભરમાં શિક્ષક વ્યાવસાયિક વિકાસ અને કારકિર્દી વ્યવસ્થાપન સાથે સાંકળવામાં આવશે

## ૫.૩ સમયાંતરે સમીક્ષા

અસરકારકતાના કઠોર પ્રયોગમુલક વિશ્લેષણના આધારે વ્યાવસાયિક માપદંડની સમયાંતરે સમીક્ષા અને સુધારણા કરવામાં આવશે.

# ૬. NPST ના માળખા આધારિત આંકલનના સાધનો (સૂચનાત્મક)

## માપદંડ ૧: આંતરિક મૂલ્યો અને નૈતિકતા

| |
|---|
| **ક્ષેત્ર ૧: ભારતના બંધારણમાં સમાવિષ્ટ બંધારણીય મૂલ્યો** |
| **SD ૧.૧- બંધારણીય મૂલ્યોના સંદર્ભમાં તર્ક, પ્રાથમિકતા, ચિંતન અને સમજાવવાની ક્ષમતા** |
| ૧.૧.૧. બધા વિદ્યાર્થીઓ અને સહકર્મચારીઓ સાથે આદર અને ન્યાયી વર્તન કરે છે.<br>૧.૧.૨. સલામત વાતાવરણ બનાવીને બધા વચ્ચે એકતા અને સંવાદિતાને પ્રોત્સાહન આપે છે જ્યાં લોકો તેમના વિચારો અને લાગણીઓને વહેંચવા માટે મુક્ત અનુભવે છે. |
| **SD ૧.૨- માહિતીનો નૈતિક રીતે, જવાબદારીપૂર્વક ઉપયોગ કરવાની અને વિદ્યાર્થીઓના ગૌરવની ખાતરી કરવાની ક્ષમતા** |
| ૧.૨.૧. વિદ્યાર્થીની માહિતીનું રક્ષણ કરે છે અને સત્તાવાળાઓ દ્વારા ચોક્કસ હેતુઓ માટે જરૂરી ન હોય ત્યાં સુધી તેને વહેંચણી કરતા નથી. |
| **SD ૧.૩-ભારતીય બંધારણની કલમ 51A માં આપવામાં આવેલ મૂળભૂત ફરજની જાગૃતિ અને અભ્યાસ** |
| ૧.૩.૧. બધા વિદ્યાર્થીઓમાં સક્રિયપણે આપણા દેશ માટેનો પ્રેમ અને આપણા સમૃદ્ધ અને વૈવિધ્યસભર વારસામાં ગર્વ જગાડે છે<br>૧.૩.૨ વિદ્યાર્થીઓને પર્યાવરણ જાળવવા, વૈજ્ઞાનિક સ્વભાવ કેળવવા અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપવા પ્રોત્સાહિત કરે છે |
| **SD ૧.૪-વિરોધાભાસી પરિસ્થિતિના કિસ્સામાં કાનૂની જવાબદારીઓ, નિયમો, નીતિઓ અને નૈતિક તર્કને સમજવાની અને જટિલ વાતાવરણમાં વાટાઘાટો કરવાની ક્ષમતા** |
| ૧.૪.૧. જણાવેલ નિયમો (શાળા તેમજ રાજ્યના નિયમો)નું ખંતપૂર્વક પાલન કરે છે અને તેમને અવગણવા અથવા તોડવાના પરિણામોથી વાકેફ છે.<br>૧.૪.૨. વિદ્યાર્થીઓ અને સહકાર્યકરોને નિયમોનું પાલન કરવા માટે પ્રોત્સાહિત કરે છે અને સમર્થન આપે છે અને જ્યારે સમસ્યાઓ ઊભી થાય ત્યારે તેમને ઉકેલવામાં મદદ કરે છે. |
| **ક્ષેત્ર ૨: વ્યવસાયિક સંબંધો** |
| **SD ૨.૧- શીખનારો માટે સહ-અભ્યાસક્રમની તકો શરૂ કરવા માટે અન્ય વ્યાવસાયિકો અને સંસ્થાઓ સાથે ઈન્ટરફેસ કરવું** |
| ૨.૧.૧. વિદ્યાર્થીઓ માટે વિવિધ શિક્ષણની તકો ઊભી કરવા માટે શાળામાં સહકર્મચારીઓ અને અન્ય વ્યાવસાયિકો સાથે સહયોગ કરે છે. |
| ૨.૧.૨. વિદ્યાર્થીઓ માટે વાસ્તવિક લક્ષ્યો નક્કી કરે છે અને તેમને પ્રાપ્ત કરવા મદદ માટે જ્યાં દરેકને સલામત અને મૂલ્યવાન હોવાની અનુભૂતિ થાય એવી સહાયક શિક્ષણ સંસ્કૃતિની રચના કરે છે. |
| **SD ૨.૨- બાળકના સર્વાંગી વિકાસમાં માતા-પિતા અને સમુદાયની ભૂમિકાને સ્વીકારવી અને સમજવી** |
| ૨.૨.૧. માતા-પિતા અને સમુદાય સાથે વિશ્વાસભર્યા સંબંધો બનાવે છે જેથી ખાતરી કરે છે કે વિદ્યાર્થીઓને અધ્યયન માટે ઘરે અને સમાજમાં મદદ મળે. |
| **SD ૨.૩- સંસાધનોની વહેંચણી વગેરે માટે પોતાની શાળા અને અન્ય સંસ્થાઓ અને સમુદાય વચ્ચે પરસ્પર જોડાણ જાળવવાની ક્ષમતા.** |
| ૨.૩.૧. અન્ય શાળાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓના શિક્ષણના અનુભવોને સમૃદ્ધ બનાવતા સમુદાય સાથે મજબૂત |

| |
|---|
| સંબંધો બનાવે છે. |
| **SD ૨.૪- શાળાની અંદર અને બહાર વિવિધ હિતધારકો સાથે સંબંધોને ઉછેરવાની અને જટિલ અને પડકારજનક વાતાવરણમાં વાટાઘાટો કરવાની ક્ષમતા** |
| ૨.૪.૧. ધીરજ અને વિશ્વાસ સાથે સંબંધોનું સંચાલન કરે છે અને ખાતરી કરે છે કે દરેક વ્યક્તિ બંધારણીય મૂલ્યો અને વલણોનું સમર્થન કરે છે. |
| **SD ૨.૫- સંસ્થાને અસરકારક રીતે અને કાર્યક્ષમ રીતે કાર્ય કરવા માટે સક્ષમ બનાવવા માટે લક્ષ્યો અને વ્યૂહરચના નક્કી કરવાની, તમામ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક લક્ષ્યો પ્રાપ્ત કરવાની અને શાળાના તમામ સભ્યો માટે અનુકૂળ કાર્ય વાતાવરણ અને સુખાકારીની સુનિશ્ચિત કરવાની ક્ષમતા** |
| ૨.૫.૧. વિદ્યાર્થીઓ માટે વાસ્તવિક લક્ષ્યો નક્કી કરે છે અને તેમને પ્રાપ્ત કરવા મદદ માટે જ્યાં દરેકને સલામત અને મૂલ્યવાન હોવાની અનુભૂતિ થાય એવી સહાયક શિક્ષણ સંસ્કૃતિની રચના કરે છે.<br>૨.૫.૨ પોતાના અને સહકર્મીઓ માટે ઉત્પાદક કાર્ય સંસ્કૃતિમાં ફાળો આપે છે |

## ધોરણ 2: જ્ઞાન અને અધ્યાપન પ્રેક્ટિસ

| ક્ષેત્ર ૩: દરેક બાળકની અનન્ય ક્ષમતાઓને જાણવી, ઓળખવી અને તેને પ્રોત્સાહન આપવું | | |
|---|---|---|
| **નિપુણ શિક્ષક** | **ઉન્નત શિક્ષક** | **નિષ્ણાત શિક્ષક** |
| **SD ૩.૧-બાળ વિકાસ અને શિક્ષણ** | | |
| **વિકાસના વિવિધ તબક્કાઓ અને ક્ષેત્રોના (જ્ઞાનાત્મક, ભાષાકીય, સામાજિક, ભાવનાત્મક અને શારીરિક) સિદ્ધાંતોની સમજ** | **વ્યક્તિઓ માટે વિકાસની અને અધ્યયનની રીતને ઓળખવા માટે બાળ વિકાસના જ્ઞાન અને સમજણનો ઉપયોગ** | **સાથીદારો માટે બાળ વિકાસ સિદ્ધાંતોની આદર્શ ઉપયોગિતા** |
| ૩.૧.૧.. શીખવાની ક્ષમતા અને સિદ્ધિઓના સંદર્ભમાં વર્ગખંડોમાં વિવિધ જરૂરિયાતોને સંબોધિત કરે છે | ૩.૧.૨. વિદ્યાર્થીઓની વિવિધ અધ્યયનની જરૂરિયાતોની સમજણનો ઉપયોગ કરે છે અને આ જ્ઞાનને પાઠ આયોજન અને વ્યવહારમાં યોગ્ય રીતે સામેલ કરે છે | ૩.૧.૩. સાથીદારોને વિદ્યાર્થીઓની વિવિધ અધ્યયનની જરૂરિયાતોને સમજવામાં અને આ જ્ઞાનને પાઠ આયોજન અને વ્યવહારમાં યોગ્ય રીતે સામેલ કરવામાં મદદ કરે છે. |
| **SD ૩.૨-વિદ્યાર્થીઓની વિવિધતા** | | |
| **વિદ્યાર્થીની વિવિધતાના વિવિધ પ્રકારો (અધ્યયનની શૈલીઓ, અધ્યયનની જરૂરિયાતો, સામાજિક-આર્થિક સ્થિતિ, સંસ્કૃતિ, ભાષા, કુટુંબનું માળખું વગેરે સહિત)ની સ્પષ્ટ સમજ વિકસાવવી અને શાળા અને વર્ગખંડમાં આ વિવિધતાને સંબોધિત કરવી.** | **વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતોને પહોંચી વળવા અને સમાવેશી વર્ગખંડ બનાવવા માટે શિક્ષણ સંસાધનોના જ્ઞાનનો ઉપયોગ** | **વર્ગખંડના અનુભવના આધારે વ્યક્તિગત વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતોનું નિદાન અને સંબોધવાની ક્ષમતા.** |

| | | |
|---|---|---|
| ૩.૨.૧. તમામ વિદ્યાર્થીઓ સાથે સમાન રીતે વર્તે છે અને તેમની સામાજિક, સાંસ્કૃતિક, લિંગ અથવા ધાર્મિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના શાળા અને વર્ગખંડની પ્રવૃત્તિઓમાં સહભાગિતાને પ્રોત્સાહિત કરે છે. | ૩.૨.૨. વિવિધ સંસાધનો પ્રદાન કરે છે અને વિદ્યાર્થીઓને વ્યક્તિગત વર્ણનો વહેંચવા અને તેમના સંદર્ભોને સંબંધિત અભિપ્રાયો વ્યક્ત કરવા પ્રોત્સાહિત કરે છે. | ૩.૨.૩. વ્યક્તિગત શીખનારની જરૂરિયાતોનું નિદાન કરે છે અને તે મુજબ શિક્ષણ અધ્યયનની વ્યૂહરચનાઓને અપનાવે છે. |
| **SD ૩.૩-વિકલાંગ વિદ્યાર્થીઓ અને હોશિયાર વિદ્યાર્થીઓના શિક્ષણની જરૂરિયાતો** | | |
| **વિવિધ પ્રકારની વિકલાંગતાઓ અને તેમની વિશેષ અધયાયનની જરૂરિયાતો તેમજ હોશિયાર બાળકોની જરૂરિયાતોનું જ્ઞાન દર્શાવવું અને તેમના શિક્ષણને મદદ આપવા વ્યૂહરચના બનાવવી.** | **વર્ગમાં વિવિધ વિદ્યાર્થીઓની જરૂરિયાતોને ઓળખવા અને સંબોધવા માટે વિશેષ જરૂરિયાતોના જ્ઞાનનો ઉપયોગ** | **વિશેષ જરૂરિયાતોને ઓળખવાની ક્ષમતા કે જેમાં નિષ્ણાતના હસ્તક્ષેપની જરૂર હોય અને આવી પરિસ્થિતિઓમાં કેવો અભિગમ રાખવો તે અંગે સાથીદારોને માહિતી પ્રદાન કરો** |
| ૩.૩.૧ અપંગ વિદ્યાર્થીઓ અને હોશિયાર વિદ્યાર્થીઓ માટે સુલભ અને સંવેદનશીલ રીતે ગોઠવાય તેવી રીતે વર્ગખંડના વાતાવરણ અને સંસાધનોનું આયોજન કરે છે.<br>૩.૩.૨. વર્ગખંડના કાર્યો, જેમ કે વાંચન અથવા ગણિત સાથે સંકળાયેલી મુશ્કેલીઓ ધરાવતા વિદ્યાર્થીઓ પ્રત્યે ધીરજવાન અને વિચારશીલ છે. | ૩.૩.૩. વ્યક્તિગત વિદ્યાર્થીની જરૂરિયાતોને આધારે વિવિધ પ્રકારના યોગ્ય પડકારરૂપ સંસાધનો અને સૂચનાત્મક વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે.<br>૩.૩.૪ વિદ્યાર્થીઓની શક્તિઓને આધારે વિદ્યાર્થીઓના જૂથોને વ્યૂહાત્મક રીતે સંગઠિત કરે છે જેથી તેઓને તેમના શિક્ષણમાં મદદ મળે | ૩.૩.૫. ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકો માટે વ્યક્તિગત શિક્ષણ યોજનાઓ (IEPs) બનાવે છે<br>૩.૩.૬. માર્ગદર્શકો શિક્ષણશાસ્ત્રની વ્યૂહરચનાઓ પર જુવે છે કે જેથી વર્ગખંડોના અક્ષમત અને હોશિયાર વિદ્યાર્થીઓની જરૂરિયાતો માટે વધુ સમાવિષ્ટ બનાવી શકાય. |

| ક્ષેત્ર ૪: વિષયનું જ્ઞાન, વૈચારિક સમજ અને પ્રયોજન | | |
|---|---|---|
| **નિપુણ શિક્ષક** | **ઉન્નત શિક્ષક** | **નિષ્ણાત શિક્ષક** |
| **SD ૪.૧- વિષયનું જ્ઞાન, વૈચારિક સમજ અને પ્રયોજન** | | |
| **વિષય ક્ષેત્રના જ્ઞાન, સમજણ અને પ્રયોજનના પ્રસારમાં ક્ષમતાઓ દર્શાવો** | **આંતરીક અને આંતર વિષય સામગ્રી જોડાણો લાગુ કરે છે અને સ્થાનિક અને સ્વદેશી જ્ઞાનને એકીકૃત કરે છે** | **વિષય ક્ષેત્રના વિકાસ સાથે અદ્યતન રહે છે અને અભ્યાસક્રમ વ્યવહારમાં નવા ખ્યાલો લાવે છે** |
| ૪.૧.૧ વિભાવનાઓ શીખવવા માટે પ્રવૃત્તિઓ, વાર્તાઓ, પ્રયોગો વગેરે જેવી વિવિધ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે.<br><br>૪.૧.૨ વર્ગમાં વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોને ચોક્કસ અને વિગતવાર જરૂરિયાત મુજબ સંબોધે છે. | ૪.૧.૩. વર્તમાન અને પાછલા પાઠની વિભાવનાઓ વચ્ચે જોડાણ કરે છે.<br><br>૪.૧.૪. જ્યાં લાગુ પડતું હોય ત્યાં શાળાના અન્ય વિષયો અને સ્થાનિક/સ્વદેશી જ્ઞાન સાથે જોડાણો બનાવે છે | ૪.૧.૫. વિષયના અભ્યાસક્રમની અપેક્ષાઓ પૂરી કરવા માટે નવી શિક્ષણશાસ્ત્રની તકનીકો શોધે છે.<br><br>૪.૧.૬. પોતાના વિષય અથવા અન્ય વિષયો સંબંધિત સંશોધન લેખો, સામયિકો, સામયિકો, અથવા સામયિકો નિયમિતપણે ઉલ્લેખ કરે છે. |

| ક્ષેત્ર ૫: અભ્યાસક્રમ | | |
|---|---|---|
| **નિપુણ શિક્ષક** | **ઉન્નત શિક્ષક** | **નિષ્ણાત શિક્ષક** |
| **SD ૫.૧-અભ્યાસક્રમ માળખું** | | |
| **વિષય/વિદ્યાશાખાના અભ્યાસક્રમ અને અભ્યાસક્રમ માળખાના લક્ષ્યોની સ્પષ્ટ સમજણ વિકસાવવું** | **આંતરિક અને આંતર વિષય અભ્યાસક્રમ જોડાણોને સમજવા અને વિકસાવવા માટે સહકર્મીઓ સાથે સહયોગ** | **નવીનતમ વિકાસ અને નવા જ્ઞાનને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમના વ્યવહારમાં ફેરફાર અને વિકાસ** |
| ૫.૧.૧. અભ્યાસક્રમની અપેક્ષાઓ અને વિષય શિક્ષણના લક્ષ્યોને ધ્યાનમાં રાખીને પાઠનો વ્યવહાર કરે છે. | ૫.૧.૨. વિદ્યાર્થીઓમાં સર્વગ્રાહી શિક્ષણને સક્ષમ કરવા માટે વિષયના અભ્યાસક્રમ અને અન્ય વિષયો વચ્ચે સ્પષ્ટ જોડાણ બનાવતા પાઠનો વ્યવહાર કરે છે. | ૫.૧.૩. આયોજન અને વ્યવહારના વિષયને લગતા નવીનતમ વિચારોનો સમાવેશ કરે છે.<br><br>૫.૧.૪. આયોજન અને વ્યવહારમાં કાર્યશાળા, વાંચન અથવા અન્ય સ્ત્રોતમાંથી શિક્ષણ લાગુ પાડે છે. |

| ક્ષેત્ર ૬: વિદ્યાર્થીઓના શિક્ષણ માટે સામગ્રી વિકાસ | | |
|---|---|---|
| **નિપુણ શિક્ષક** | **ઉન્નત શિક્ષક** | **નિષ્ણાત શિક્ષક** |
| **SD ૬.૧- સૂચનાત્મક/શિક્ષણશાસ્ત્રની વ્યૂહરચના અને શિક્ષણ વર્ગીકરણ** | | |
| **સામાન્ય સૂચનાત્મક વ્યૂહરચનાઓ, શિક્ષણમાં વપરાતું શિક્ષણનું વર્ગીકરણ અને સામાન્ય શિક્ષણશાસ્ત્રની પદ્ધતિઓ અને સંસાધનોની સમજ** | **પોતાના વિષય/શિક્ષણ ક્ષેત્રમાં શિક્ષણનું વર્ગીકરણ અને શિક્ષણશાસ્ત્રની વ્યૂહરચનાઓનો ઉપયોગ કરીને વિકાસાત્મક રીતે યોગ્ય શિક્ષણ લક્ષ્યો/પરિણામો વિકસાવવા** | **સક્રિય પાઠ યોજના રચવા માટે સહકર્મચારીઓને શિક્ષણના સિદ્ધાંતો, સૂચનાત્મક/શિક્ષણશાસ્ત્રીય વ્યૂહરચનાઓ અને શિક્ષણના વર્ગીકરણની પસંદગીમાં માર્ગદર્શન આપવું.** |
| ૬.૧.૧ વિદ્યાર્થીઓને સામગ્રીને સમજવામાં મદદ કરવા માટે તેમની વચ્ચે અનંત વાતચીતની સુવિધા આપે છે.. | ૬.૧.૨. વિદ્યાર્થીઓને વિવિધ વિષયો પર તેમના દૃષ્ટિકોણને પ્રશ્ન કરવા અને ચર્ચા કરવા પ્રોત્સાહિત કરે છે | ૬.૧.૩. સહપાઠી શિક્ષણ માટે બહુવિધ સંગઠિત અને અસંગઠિત વાતચીતોમાં સંતુલનની ખાતરી માટે સાથીઓને માર્ગદર્શિક કરે છે. |
| **SD ૬.૨-વિભિન્ન સૂચના/શિક્ષણ** | | |
| **વિભિન્ન સૂચના/શિક્ષણ વ્યૂહરચનાઓની સ્પષ્ટ સમજણ અને વિદ્યાર્થીઓની શિક્ષણમાં ભાગીદારી વધારવામાં તેમની ભૂમિકા દર્શાવો** | **વિદ્યાર્થીઓને અભ્યાસમાં જોડવા માટે વિભિન્ન સૂચનાઓનો ઉપયોગ** | **વિદ્યાર્થીઓની સંલગ્નતા વધારવા માટેની વ્યૂહરચના અને વિકાસાત્મક રીતે યોગ્ય વિભિન્ન પ્રવૃત્તિઓ બનાવવા માટે સાથીદારોને માર્ગદર્શન આપવું.** |
| ૬.૨.૧. અભ્યાસક્રમના ઉદ્દેશ્યોને સંબોધવા માટે શિક્ષણ-અધ્યયનની પદ્ધતિઓ અને વ્યૂહરચનાઓના સંયોજનનો ઉપયોગ કરે છે. | ૬.૨.૩. જે શીખનારાઓ માટે જૂથમાં શીખવાની જરૂરિયાત અલગ હોય તેના માટે પ્રશ્નો/પ્રવૃત્તિઓ વિભિન્ન કરવામાં આવે છે જેથી શીખનારાઓને યોગ્ય રીતે પડકારવામાં આવે. | ૬.૨.૫. વિદ્યાર્થીઓને તેમના પોતાના દૃષ્ટિકોણને વ્યક્ત કરવા માટે પૂરતી જગ્યા સાથે નિયમિતપણે અલગ-અલગ સૂચના વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે. |
| ૬.૨.૧. બધા શીખનારાઓને વિચારશીલ અને વિચારણાભર્યા જવાબો આપે છે. | ૬.૨.૨. જે શીખનારાઓ માટે જૂથમાં શીખવાની જરૂરિયાત અલગ હોય તેના માટે પ્રશ્નો/પ્રવૃત્તિઓ વિભિન્ન કરવામાં આવે છે જેથી શીખનારાઓને યોગ્ય રીતે પડકારવામાં આવે. | ૬.૨.૩. વિદ્યાર્થીઓને તેમના પોતાના દૃષ્ટિકોણને વ્યક્ત કરવા માટે પૂરતી જગ્યા સાથે નિયમિતપણે અલગ-અલગ સૂચના વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે |

| SD ૬.૩- વિવેચનાત્મક વિચારસરણી, સર્જનાત્મક વિચારસરણી અને ઉચ્ચ-ક્રમની વિચારસરણી કુશળતા જેવા જીવન કૌશલ્યો વિકસાવવા માટેની વ્યૂહરચનાઓ અને સાધનો | | |
|---|---|---|
| **વિવેચનાત્મક અને સર્જનાત્મક વિચારસરણી અને/અથવા અન્ય ઉચ્ચ-ક્રમની વિચારસરણીની કુશળતા વિકસાવતી સામાન્ય શિક્ષણશાસ્ત્રની વ્યૂહરચનાઓની ઊંડી સમજણ બતાવી.** | **આવી કુશળતા વિકસાવવા માટે યોગ્ય શિક્ષણશાસ્ત્રની વ્યૂહરચનાઓનો ઉપયોગ** | **આ ક્ષેત્રમાં તાજેતરના વિકાસના જ્ઞાનના આધારે નવી શિક્ષણશાસ્ત્રની વ્યૂહરચના રચવી** |
| ૬.૩.૧. વર્ગખંડમાં એવી પ્રવૃત્તિઓનો ઉપયોગ કરે છે જે બાળકોને રોજિંદા જીવનની સમસ્યાઓ માટે વિચારો લાગુ કરવામાં મદદ કરે છે.<br><br>૬.૩.૨. સામાજિક-ભાવનાત્મક જરૂરિયાતોને સંબોધતી કેટલીક વર્ગખંડ પ્રવૃત્તિઓ (દા.ત. ધ્યાન, વર્તુળ સમય વગેરે)નો સમાવેશ કરે છે. | ૬.૩.૩. વર્ગખંડની સૂચનાના ભાગરૂપે નિયમિતપણે બાળકોને વિશ્લેષણ અને પૂછપરછ માટે તકો પૂરી પાડે છે.<br><br>૬.૩.૪. સામાજિક-ભાવનાત્મક કૌશલ્યના વિકાસને સક્રિયપણે સંકલિત કરે છે જેમ કે સામાજિક વાતચીત, સંચાર અને રોજિંદી વર્ગખંડની પ્રવૃત્તિઓમાં સહયોગ | ૬.૩.૫. વિશિષ્ટ વિષયો અથવા તમામ વિષયો માટે વિવેચનાત્મક વિચારસરણી, સંશોધન, પ્રશ્ન, ચિંતન વગેરેની સુવિધા માટે શિક્ષણશાસ્ત્રીય અભિગમો બનાવે છે<br><br>૬.૩.૬. નિયમિતપણે વ્યક્તિગત વિદ્યાર્થીઓની સામાજિક-ભાવનાત્મક જરૂરિયાતો તપાસે છે અને સંબોધિત કરે છે. |
| **ક્ષેત્ર ૭: અધ્યયનની યોજનાઓ** | | |
| **નિપુણ શિક્ષક** | **અદ્યતન શિક્ષક** | **નિષ્ણાત શિક્ષક** |
| **SD ૭.૧-શિક્ષણના લક્ષ્યો અને ઉદ્દેશ્ય** | | |
| **માપી શકાય તેવા અને પ્રાપ્ત કરી શકાય તેવા શિક્ષણના લક્ષ્યો અને ઉદ્દેશ્યની સમજ** | **અભ્યાસક્રમના ઢાંચા સાથે સંરેખિત વિષય માટે માપી શકાય તેવા અને પ્રાપ્ત કરી શકાય તેવા શિક્ષણના લક્ષ્યો અને ઉદ્દેશો બનાવવા** | **વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતોને સંતોષવા અને તેમના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને ઉચ્ચ અપેક્ષાઓ નક્કી કરવાની અને પડકારરૂપ છતાં પ્રાપ્ત કરી શકાય તેવા લક્ષ્યો વિકસાવવાની ક્ષમતા** |
| ૭.૧.૧. વ્યાપક ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખીને પાઠ યોજનાઓ તૈયાર કરે છે અને શિક્ષણના પરિણામો માટે પ્રવૃત્તિઓ અને મૂલ્યાંકનોને યોગ્ય રીતે ચિતાર કરે છે. | ૭.૧.૨. વિષયના હેતુઓ અને ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે શિક્ષણના પરિણામોને ઘડે છે | ૭.૧.૩. જ્યારે જરૂરી હોય ત્યારે, ચોક્કસ શિક્ષણના પરિણામોને સંબોધતી વખતે સ્થાનિક સંદર્ભ અને શીખનારાઓની જરૂરિયાતોને અનુરૂપ પાઠ અને વ્યૂહરચનાઓને સંદર્ભિત કરે છે. |

| SD ૭.૨-શિક્ષણના અનુભવોનું આયોજન | | |
|---|---|---|
| **ચોક્કસ શિક્ષણના ઉદ્દેશ્ય માટે શિક્ષણની યોજના વિકસાવવાની ક્ષમતા** | **વ્યક્તિગત શીખનારાઓની જરૂરિયાતોને સમાવિષ્ટ કરીને વિભિન્ન શિક્ષણ યોજનાઓ બનાવવી** | **અભ્યાસક્રમના આધારે એકબીજા સાથે જોડાયેલ શિક્ષણની યોજનાઓની શ્રેણી બનાવવાની ક્ષમતા** |
| ૭.૨.૩. સામગ્રી, પરિણામો, પ્રવૃત્તિઓ અને મૂલ્યાંકન વ્યૂહરચનાઓ વિગતવાર સાથે વ્યાપક પાઠ યોજનાઓ વિકસાવે છે. | ૭.૨.૪. વધારાની મદદની જરૂર હોય તેવા શીખનારાઓ માટે ચોક્કસ પ્રવૃત્તિઓ અને સંસાધનોની યોજના બનાવે છે (દા.ત.,સંઘર્ષ કરતા વાચકો માટે સરળ પાઠો). | ૭.૨.૫. બાળકો વિષય કેવી રીતે શીખે છે તેમજ તેઓ અગાઉના વર્ગોની શીખના આધારે પાઠ યોજનાઓ બનાવે છે જે અનુક્રમે વિભાવનાઓ અને પ્રકરણોનું આયોજન કરે છે. |
| **ક્ષેત્ર ૮: શિક્ષણનું, માટે અને તરીકેનું મૂલ્યાંકન** | | |
| **નિપુણ શિક્ષક** | **ઉન્નત શિક્ષક** | **નિષ્ણાત શિક્ષક** |
| **SD ૮.૧-મૂલ્યાંકનની વ્યૂહરચના** | | |
| **વિવિધ પ્રકારની મૂલ્યાંકનની વ્યૂહરચનાઓ અને સાધનોની સમજ** | **વિદ્યાર્થીઓની શીખવાની જરૂરિયાતોને આધારે યોગ્ય મૂલ્યાંકન વ્યૂહરચના પસંદ કરવી** | **સંસ્થાકીય, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે મૂલ્યાંકન નીતિઓનું જ્ઞાન પ્રદર્શિત કરવું** |
| ૮.૧.૧. વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવા માટે વર્ગખંડમાં અવલોકન, પ્રશ્નોત્તરી અને નોટબુકમાં લેખિત કાર્ય (પ્રકરણના અંતે પ્રશ્નો) જેવી વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે.<br><br>૮.૧.૨. શિક્ષણ-અધ્યયન પ્રક્રિયાઓ દરમિયાન વિદ્યાર્થીઓને અનંત પ્રશ્નો પૂછે છે. | ૮.૧.૩. વિદ્યાર્થીઓની શિક્ષણની જરૂરિયાતો અનુસાર નિયમિતપણે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે જેમ કે પ્રોજેક્ટ, પ્રસ્તુતિઓ, પોર્ટફોલિયો, પ્રયોગો, ક્વિઝ, સર્વેક્ષણો, કેસ સ્ટડીઝ).<br><br>૮.૧.૪. આપેલ વિષય વિશે તેઓ શું જાણે છે અને સમજે છે તે નક્કી કરવા માટે વિદ્યાર્થીઓ સાથે વાતચીત શરૂ કરે છે. | ૮.૧.૫. સંબંધિત નીતિ દસ્તાવેજોની ભલામણ મુજબ વર્ગખંડોમાં મૂલ્યાંકનની શ્રેષ્ઠ પ્રથાઓનો અમલ કરે છે.<br><br>૮.૧.૬. વર્ગખંડોમાં શિક્ષણ માટે મૂલ્યાંકનને સક્રિયપણે સામેલ કરે છે. |

| **SD ૮.૨-મૂલ્યાંકનની માહિતી** | | |
|---|---|---|
| **મૂલ્યાંકન માહિતીમાંથી વિદ્યાર્થીઓ પર આંતરદૃષ્ટિ મેળવવી** | **લક્ષ્યો નક્કી કરવા અને શિક્ષણની યોજનાઓ બનાવવા માટે આકારણી માહિતી નો ઉપયોગ કરવો** | **વિદ્યાર્થી/વર્ગના પ્રદર્શનનો એકીકૃત દૃષ્ટિકોણ બનાવવા અને યોગ્ય ઉપાયો દ્વારા શિક્ષણને મેડમ કરવા માટે બહુવિધ સ્ત્રોતોમાંથી માહિતીનો લાભ લેવો** |
| ૮.૨.૧. વર્ગખંડમાં શિક્ષણની સામાન્ય સમસ્યાઓ અને વૈકલ્પિક વિભાવનાઓને ઓળખવા અને સંબોધવા માટે મૂલ્યાંકન માહિતી નો ઉપયોગ કરે છે. | ૮.૨.૨. વિદ્યાર્થીઓની ચોક્કસ શિક્ષણની જરૂરિયાતોને અનુરૂપ પાઠ યોજના અને શિક્ષણશાસ્ત્રને પર્યાપ્ત રીતે સંશોધિત કરવા માટે મૂલ્યાંકન માહિતીનો ઉપયોગ કરે છે. | ૮.૨.૩. સૂચના અને આયોજનમાં સુધારણાના ક્ષેત્રોને ઓળખવા માટે બહુવિધ મૂલ્યાંકનનો ઉપયોગ કરીને એકત્રિત કરવામાં આવેલ વિદ્યાર્થીઓના શિક્ષણ પરની માહિતીનું સંશ્લેષણ કરે છે.<br><br>૮.૨.૪. સૂચના અને આયોજનમાં સુધારણાના ક્ષેત્રોને ઓળખે છે અને ચોક્કસ હસ્તક્ષેપોની યોજના બનાવે છે |
| **SD ૮.૩-સંચાર અને પ્રતિસાદ** | | |
| **વિદ્યાર્થીઓ, માતા-પિતા અને વાલી સાથે વિદ્યાર્થીઓના પ્રદર્શન માહિતી ની વાતચીત કરો.** | **વિદ્યાર્થીઓના પ્રદર્શન પર માતાપિતા/ વાલીને ચોક્કસ અને વિગતવાર પ્રતિસાદ આપવો.** | **વિદ્યાર્થીઓના શિક્ષણને માર્ગદર્શન આપવામાં માતાપિતા અને સમુદાયના સભ્યો સાથે સહયોગ કરો.** |
| ૮.૩.૧. વિદ્યાર્થીઓને તેમના કાર્યો તપાસતી વખતે અથવા તેમના જવાબોનો પ્રતિસાદ આપતી વખતે તેમને ચોક્કસ ગુણાત્મક પ્રતિસાદ આપે છે.<br><br>૮.૩.૨. શાળા દ્વારા આયોજિત PTA મીટિંગ્સ દરમિયાન બાળકોના પ્રદર્શનની માતાપિતા અને વાલી સાથે તેમના માર્કસ અને વર્ગખંડમાં સહભાગિતાના સંદર્ભમાં ચર્ચા કરે છે. | ૮.૩.૩. નિયમિત ધોરણે સુધારણા માટે ચોક્કસ સૂચનો સાથે વિદ્યાર્થીઓને તેમના પોતાના પ્રદર્શન પર વ્યક્તિગત વિગતવાર પ્રતિસાદ પૂરો પાડે છે.<br><br>૮.૩.૪. વિદ્યાર્થીના માતા-પિતા અને વાલી સાથે વિદ્યાર્થીની કામગીરી પર ચોક્કસ પ્રતિસાદ આપે છે. | ૮.૩.૫. પોતાના અને સાથીઓના મૂલ્યાંકનને સક્ષમ કરીને વિદ્યાર્થીઓને તેમના પ્રદર્શન પર ચિંતન કરવા માટે સક્રિય પણે પ્રોત્સાહિત કરે છે.<br>૮.૩.૬. માતા-પિતા/વાલી તેમના બાળકોના શિક્ષણમાં ઘરે કેવી રીતે મદદ કરવી તે અંગે ચોક્કસ અને સારી રીતે ધ્યાને આવે તેવું માર્ગદર્શન પૂરું આપે છે. |

| ક્ષેત્ર ૯: શિક્ષણમાં ટેક્નોલોજીનો ઉપયોગ અને એકીકરણ | | |
|---|---|---|
| **નિપુણ શિક્ષક** | **ઉન્નત શિક્ષક** | **નિષ્ણાત શિક્ષક** |
| **શિક્ષણમાં ટેક્નોલોજીની ભૂમિકાને સમજવું** | **શિક્ષણ-અધ્યયન, મૂલ્યાંકન અને વર્ગખંડ વ્યવસ્થાપનને મદદ કરવા માટે ICT સાધનોનો ઉપયોગ કરે છે** | **પોતાના અને સહકર્મીઓ માટે શિક્ષણ અધ્યયનને મદદ કરવા માટે યોગ્ય તકનીકી સંસાધન બનાવે છે** |
| ૯.૧ યોગ્ય ICT સંસાધનોની ઓળખ કરે છે જે ચોક્કસ ખ્યાલોના શિક્ષણની અસરકારકતામાં સુધારો કરી શકે છે. | ૯.૨. વર્તમાન ICT સંસાધનોને અસરકારક રીતે શિક્ષણ તેમજ મૂલ્યાંકન પ્રથાઓને સર્જનાત્મક રીતે સંશોધિત કરવા માટે અપનાવે છે. | ૯.૩. પોતાની તેમજ સાથીઓની શિક્ષણ પ્રવૃત્તિઓને મદદરૂપ થવા માટે પોતાના ICT સંસાધનો બનાવે છે |
| **ક્ષેત્ર ૧૦: વર્ગખંડના ઘટકો અને ગતિશીલતા** | | |
| **નિપુણ શિક્ષક** | **અદ્યતન શિક્ષક** | **નિષ્ણાત શિક્ષક** |
| **SD ૧૦.૧- સલામત, સંવર્ધન અને સહાયક શિક્ષણ વાતાવરણ** | | |
| **સલામત અને સમાવિષ્ટ વર્ગખંડ બનાવવા માટે સુવિધાઓ અને સંસાધનોનું આયોજન કરે છે** | **વિદ્યાર્થીઓને ડર્યા વિના અભિપ્રાયો વહેંચે તે માટે પ્રોત્સાહિત કરવા સહિત સર્વસમાવેશક અને સહાયક શિક્ષણ વાતાવરણને સુયોજિત કરે છે** | **સલામત અને સમાવિષ્ટ વર્ગખંડના વિકાસમાં વિદ્યાર્થીને સામેલ કરો** |
| ૧૦.૧.૧ વર્ગખંડની કામગીરી માટે દિનચર્યાઓ અને પ્રક્રિયાઓ સુયોજિત કરે છે. | ૧૦.૧.૩. વિદ્યાર્થીઓના સૂચનોને ધ્યાનમાં લઈને લવચીક વર્ગખંડની દિનચર્યાઓ સેટ કરે છે. | ૧૦.૧.૫ વિદ્યાર્થીઓની માલિકી સાથે વર્ગખંડની દિનચર્યાઓ સહ-વિકાસ કરે છે. |
| ૧૦.૧.૨. તણાવમુક્ત વર્ગખંડનું વાતાવરણ સુનિશ્ચિત કરે છે જે વિદ્યાર્થીઓ વચ્ચે ગતિ, સંવાદ અને સંચારને પ્રોત્સાહિત કરે છે. | ૧૦.૧.૪. વિદ્યાર્થીઓને ખુલ્લી રીતે મંતવ્યો વહેંચવા અને રોજિંદા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવા પ્રોત્સાહિત કરે છે (દા.ત., ચિંતાની લાગણી, ગુંડાગીરીના મુદ્દાઓ, વિશ્વાસ નિર્માણ વગેરે.) | ૧૦.૧.૬. વર્ગખંડ માટે ધોરણો સહ-નિર્માણ કરે છે જે સલામત, સમાવિષ્ટ અને અનુકૂળ વર્ગખંડોની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. |
| **SD ૧૦.૨- વર્ગખંડ વ્યવસ્થાપન** | | |
| **વર્ગખંડ વ્યવસ્થાપન અભિગમ અને તેનો ઉપયોગ કરવાની ક્ષમતાનું જ્ઞાન દર્શાવે છે** | **વિદ્યાર્થીઓના વર્તનમાં વિવિધતાને સમજો અને સમાવો** | **વિદ્યાર્થીઓમાં સ્વ-શિસ્ત, વ્યક્તિગત જવાબદારી અને નેતૃત્વ વિકસાવે છે (આદર્શ ભૂમિકા)** |
| ૧૦.૨.૧. વર્ગખંડમાં પોતાના નિયમો અને ધોરણો સુયોજિત કરે છે અને વિદ્યાર્થીની વર્તણૂકને સંબંધિત સમયે ચકાસવામાં અને સુધારવામાં આવે છે. | ૧૦.૨.૨. વિદ્યાર્થીઓના વર્તનને તેમના સંદર્ભ સાથે જોડે છે અને યોગ્ય રીતે પ્રતિભાવ આપે છે. | ૧૦.૨.૩. વિદ્યાર્થીઓ સાથે લોકતાંત્રિક રીતે અપેક્ષાઓનો સહ-વિકાસ કરે છે અને તેમને આ અપેક્ષાઓ જાતે જ સમજવા માટે પ્રોત્સાહિત કરે છે. |


| SD ૧૦.૩- અસરકારક વર્ગખંડ સંચાર | | |
|---|---|---|
| **વિવિધ મૌખિક અને બિન-મૌખિક વર્ગખંડ સંચાર વ્યૂહરચનાઓ સમજવાની ક્ષમતા મેળવો** | **શિક્ષણને સહભાગી બનાવવા માટે વિવિધ મૌખિક અને બિન-મૌખિક વર્ગખંડ સંચાર વ્યૂહરચનાઓનો ઉપયોગ કરો અને તેનો પ્રતિસાદ આપો** | **સહયોગી/માર્ગદર્શકને તેમના વર્ગખંડ સંચારને સુધારવામાં રચનાત્મક પ્રતિસાદ આપો** |
| ૧૦.૩.૧. આંખનો સંપર્ક, હાવભાવ, સંકેત વગેરે જેવી યોગ્ય મૌખિક અને બિન-મૌખિક સંચાર વ્યૂહરચના દર્શાવે છે. | ૧૦.૩.૨. વિદ્યાર્થી સહભાગિતાને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ યોગ્ય મૌખિક અને બિન-મૌખિક સંચાર વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે | ૧૦.૩.૪. અસરકારક વર્ગખંડ સંચાર વ્યૂહરચનાના અમલીકરણમાં સાથીઓને માર્ગદર્શન આપે છે |
| | ૧૦.૩.૩. વ્યક્તિગત વિદ્યાર્થીઓના બિન-મૌખિક સંચારનું અર્થઘટન કરે છે અને શિક્ષણ વખતે પોતાની સંચાર વ્યૂહરચનાઓમાં યોગ્ય ગોઠવણો કરે છે. | |
| **SD ૧૦.૪- ભાષાની વિવિધતા અને બહુભાષીવાદ** | | |
| **ભાષાની વિવિધતા અને સંબંધિત ભાષા(ભાષાઓ)માં પ્રાવીણ્યને ધ્યાનમાં લીધા વગર તમામ બાળકો પ્રત્યે સર્વસમાવેશકતા દર્શાવો** | **શિક્ષણ અને અધ્યયનની સુવિધા માટે વર્ગમાં બહુભાષીયતાને રોજગારી આપવા માટે સહકાર્યકરોને મદદ કરવી** | **સાથીદારોમાં શિક્ષણ અને અધ્યયનની સુવિધા માટે બહુભાષીયતાના ઉપયોગની હિમાયત કરે છે** |
| ૧૦.૪.૧. વર્ગખંડના વ્યવહારો દરમિયાન જરૂરિયાત મુજબ સૂચનાના માધ્યમ અને સ્થાનિક ભાષા વચ્ચે બદલી કરે છે. | ૧૦.૪.૨. ભાષાકીય રીતે વૈવિધ્યસભર વર્ગખંડમાં અપનાવવામાં આવેલી વ્યૂહરચનાઓ પર સહકર્મચારીઓને માર્ગદર્શિત કરે છે. | ૧૦.૪.૩. વર્ગખંડોમાં અભ્યાસ દ્વારા, લેખો લખીને, સહકર્મચારીઓમાં જૂથ ચર્ચા વગેરે દ્વારા વધુ સારી રીતે શિક્ષણ માટે બહુભાષી શિક્ષણશાસ્ત્રની જરૂરિયાત દર્શાવે છે. |

**માપદંડ ૩:વ્યવસાયિક વૃદ્ધિ અને વિકાસ**

| ક્ષેત્ર ૧૧: શિક્ષણની જરૂરિયાતો | | |
|---|---|---|
| **નિપુણ શિક્ષક** | **ઉન્નત શિક્ષક** | **નિષ્ણાત શિક્ષક** |
| **શિક્ષણની જરૂરિયાતોને ઓળખો અને પોતાના વ્યાવસાયિક વિકાસ માટે લક્ષ્યો સ્થાપિત કરો.** | **હિતધારકો પાસેથી મળેલા વિચારોના આધારે વ્યાવસાયિક વિકાસ યોજના બનાવો.** | **યોજના બનાવો અને સહકાર્યકરોને વ્યાવસાયિક વિકાસની તકો પ્રદાન કરો** |
| ૧૧.૧. વિકાસના વ્યાપક ક્ષેત્રોને સંબોધવા માટેની યોજનાને ઓળખે છે<br><br>૧૧.૨. ચોક્કસ શિક્ષણની જરૂરિયાતો | ૧૧.૩. વિકાસના ક્ષેત્રોને સંબોધવા માટે ક્રિયા સંશોધન અથવા અન્ય સક્રિય પગલાં હાથ ધરે છે<br><br>૧૧.૪. લેખો, પુસ્તક પ્રકરણો, પુસ્તકો, સાથીઓએ સમીક્ષા કરેલ | ૧૧.૫. શિક્ષણની જરૂરિયાતોને ઓળખવામાં અને આ જરૂરિયાતોને પહોંચી વળવા માટે યોગ્ય પગલાંનું આયોજન કરવામાં સાથીઓને માર્ગદર્શિત કરે છે.<br>૧૧.૬. સામયિકો વગેરે માટે લેખો |

| | | |
|---|---|---|
| માટે કાર્યશાળા, બેઠકો, તાલીમ, પરિસંવાદ, પરિષદ વગેરે શોધે છે. | પ્રકાશનો લખે છે અને/અથવા યોગદાન આપે છે. | લખવામાં અને ક્રિયા સંશોધન હાથ ધરવા માટે સાથીઓને માર્ગદર્શિત કરે છે. |
| **ક્ષેત્ર ૧૨: મનનાત્મક અભ્યાસ** | | |
| **નિપુણ શિક્ષક** | **ઉન્નત શિક્ષક** | **નિષ્ણાત શિક્ષક** |
| **મનનાત્મક અભ્યાસની સમજ દર્શાવવી** | **પોતાના શિક્ષણના અભ્યાસમાં ફેરફાર કરવા માટે મનનાત્મક અભ્યાસનો ઉપયોગ કરો** | **મનનાત્મક અભ્યાસને લાગુ પાડવામાં સહકર્મચારીઓને મદદ/માર્ગદર્શન આપવું** |
| ૧૨.૧. પોતાના અભ્યાસની શક્તિઓ અને નબળાઈઓની ચર્ચા કરે છે. | ૧૨.૩. વિદ્યાર્થીના શિક્ષણની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પાઠ યોજનાઓ અને વર્ગખંડની વ્યૂહરચનાઓ પર ચિંતનને અધિકૃત કરે છે. | ૧૨.૫. મનનાત્મક અભ્યાસમાં સાથીદારોને માર્ગદર્શન આપે છે. |
| ૧૨.૨. વ્યક્તિગત વિદ્યાર્થીઓની શક્તિઓ અને નબળાઈઓની ચર્ચા કરે છે. | ૧૨.૪ વર્ગખંડોમાં વધુ સારા અધ્યાપન-અધ્યયન માટે અભ્યાસમાં ફેરફાર કરવા હસ્તગત કરતા અનેક અભિગમો આપે છે. | ૧૨.૬ ચાલુ શિક્ષણ માટે સાથીદાર મદદ જૂથ બનાવવાની પહેલ કરે છે. |
| **ક્ષેત્ર ૧૩: શિક્ષણ સમુદાયમાં સક્રિયતા અને સહભાગિતા** | | |
| **નિપુણ શિક્ષક** | **ઉન્નત શિક્ષક** | **નિષ્ણાત શિક્ષક** |
| **શાળાની અંદર અને બહાર શિક્ષણની તકોમાં ભાગ લો.** | **પરિષદો, પરિસંવાદો અથવા વેબિનાર્સમાં તેમના સંશોધન અને શિક્ષણને પ્રસ્તુત કરવા.** | **શાળામાં શિક્ષણ સમુદાયની શરૂઆત કરવી અને વ્યાવસાયિક વિકાસ સત્રોનું આયોજન કરવું.** |
| ૧૩.૧. શાળાની અંદર અને બહાર વહેંચાયેલ શિક્ષણની તકો માટે વિવિધ પ્લેટફોર્મમાં વિવિધ સ્ત્રોતો/ભાગીદારીઓનો ઉપયોગ કરે છે. | ૧૩.૩. રાજ્ય-સ્તરીય પરિષદો/પરિસંવાદોમાં નિયમિતપણે પોતાનું શિક્ષણ, વર્ગખંડના પ્રયોગો વગેરે રજૂ કરે છે. | ૧૩.૫. સહકર્મીઓના શિક્ષણને પ્રોત્સાહિત કરવા માટે સંયુક્ત રીતે કાર્યશાળા, બેઠકો, તાલીમ, પરિસંવાદો, પરિષદો વગેરેનું આયોજન કરે છે |
| ૧૩.૨. સહભાગી અથવા નિરીક્ષકની ક્ષમતામાં મોટાભાગે વ્યાવસાયિક શિક્ષણ અને પૂછપરછને પ્રોત્સાહન આપતા સંબંધિત કાર્યક્રમોમાં હાજરી આપે છે. | ૧૩.૪. રાષ્ટ્રીય પરિષદો/પરિસંવાદોમાં નિયમિતપણે પોતાનું શિક્ષણ, વર્ગખંડના પ્રયોગો વગેરે રજૂ કરે છે. | ૧૩.૬ પડોશી શાળાઓના શિક્ષકોના વિસ્તૃત શિક્ષણ સમુદાયના વિકાસ તરફ કામ કરે છે. |

# ૭. NPST પર શિક્ષકની ગુણવત્તા માટેના રાષ્ટ્રીય કેન્દ્ર હેતુ ડિજિટલ માળખાકીય રૂપરેખા




## NPST ના કાર્યક્ષેત્રના સૂચિત ઘટકો


- **NPST પોર્ટલની બનાવટ**

  શિક્ષક ભંડાર, લર્નિંગ રિપોઝીટરી, ઓળખપત્ર વ્યવસ્થાપન, NPST (સ્વયં અને માર્ગદર્શન) માટે મૂલ્યાંકન, અમલીકરણ માટે NPST ડિજિટલ યોજના, સંસ્થા અને પ્રોગ્રામ મેનેજમેન્ટ, DIKSHA/NISHTHA સાથે સ્વ-શિક્ષણ સેવા, લર્નિંગ/તાલીમ/CPDના પુરાવા માટે ભંડાર, ની રચના શિક્ષકો માટે દરેક ડોમેન અને ધોરણમાં શિક્ષકોની સમજણના અવકાશને વિસ્તૃત કરવા માટે શિક્ષકો માટે ઈ-પોર્ટફોલિયો, શિક્ષકો માટે તેમના સ્કોર્સ અને વિવિધ ક્ષમતાઓ પર પ્રદર્શન પુનઃપ્રાપ્ત કરવાની પદ્ધતિ, સ્વ-મૂલ્યાંકન સાધનો, શિક્ષકોના રેકોર્ડના ડેટાબેઝનો વિકાસ.
- **NPST અમલીકરણ અને મોનીટરીંગ સોફ્ટવર્ડ**
  - રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે NPST ના અમલીકરણ માટે સતત દેખરેખ સિસ્ટમ
  - શિક્ષકોના સતત વ્યાવસાયિક વિકાસ માટે ટ્રેકર
  - શિક્ષક શિક્ષકોના માર્ગદર્શન માટે ડિજિટલ પ્લેટફોર્મ
  - સતત વ્યાવસાયિક વિકાસ માટે સ્વ-ગતિ ધરાવતા અભ્યાસક્રમો
  - વેબ અને એપ આધારિત લર્નિંગ સોલ્યુશન
  - રાષ્ટ્રીય ભંડારનું નિર્માણ
  - સેવામાં રહેલા શિક્ષકો
  - પૂર્વ સેવા શિક્ષકો
  - શીખવાના પુરાવા ટ્રેકિંગ
- **સામગ્રી સંચાલન અને ડેટા શેરિંગ**
- **ડિજિટલ મેનેજમેન્ટ અને કનેક્ટિવિટી**
  - લક્ષ્ય જૂથ/**હિતધારકો** સાથે તાત્કાલિક સંચાર માટે ડિજિટલ કોન્ફરન્સિંગ પ્લેટફોર્મ

**આકૃતિ ૬: NPST પર NCTQ ના ડિજિટલ વિકાસ યોજના પર રેખાંકન**




આકૃતિ ૭: ડિજિટલ સ્કીમ પર રેખાંકન




આકૃતિ ૮: પ્રયોગાત્મક અભ્યાસ અમલીકરણ પર રેખાંકન

# રેખાંકનોની સૂચિ



| ક્રમ | રેખાંકન | પૃષ્ઠ |
|---|---|---|
| 1. | શિક્ષકોની તૈયારી પરનું રેખાંકન | 7 |
| 2. | વ્યવસાયિક ધોરણો અને યોગ્યતા પર રેખાંકન | 13 |
| 3. | આંતરિક મૂલ્યો અને નીતિશાસ્ત્ર પર રેખાંકન | 14 |
| 4. | જ્ઞાન અને અભ્યાસ પર રેખાંકન | 15 |
| 5. | વ્યવસાયિક વૃદ્ધિ અને વિકાસ પર રેખાંકન | 15 |
| 6. | NPST પર NCTQ ના ડિજિટલ વિકાસ યોજના પર રેખાંકન | 35 |
| 7. | ડિજિટલ સ્કીમ પર રેખાંકન | 36 |
| 8. | શિક્ષકોની તૈયારી પરનું રેખાંકન | 36 |

# સંક્ષિપ્ત શબ્દો

| | |
|---|---|
| ACR | Annual Confidential Report |
| APR | Annual Performance Appraisal |
| CPD | Continuous Professional Development |
| DIET | District Institute of Education & Training |
| DPEP | District Primary Education Project |
| FLN | Foundational Literacy and Numeracy |
| GoI | Government of India |
| ICT | Information and Communication Technology |
| INSET | Inservice Education and Training |
| JNVS | Jawahar Navodaya Vidyalaya Samiti |
| KVS | Kendriya Vidyalaya Sangathan |
| MoE | Ministry of Education |
| NCTE | National Council for Teacher Education |
| NCERT | National Council of Educational Research & Training |
| NCFTE | National Curriculum Framework for Teacher Education |
| NCTQ | National Centre for Teacher Quality |
| NEP ૨૦૨૦ | National Education Policy ૨૦૨૦ |
| NIEPA | National Institute for Educational Planning and Administration |
| NPST | National Professional Standards for Teachers |
| NMM | National Mission for Mentoring |
| PI | Performance Indicator |
| PSTE | Pre-service Teacher Education |
| RIE | Regional Institute of Education |
| RPL | Recognition of Prior Learning |
| RTE | Right to Education |
| SCERT | State Council of Educational Research & Training |
| SSA | Sarva Shiksha Abhiyan |
| TEI | Teacher Education Institution |
| TEP | Teacher Education Programme |
| TET | Teacher Eligibility Test |

# ગ્રંથસૂચિ


- Australian Institute for Teaching and School Leadership. (2018). Australian Professional Standards for Teachers. https:/www.aitsl.edu.au/docs/default-source/national-policy-framework/australian-professional-standards-for-teachers.pdf
- Department of Education. (2021). Teachers' Standards: Guidance for School Leaders, School Staff and Governing Bodies. https://assets.publishing.service.gov.uk/government/uploads/system/uploads/attachme nt_data/file/1040274/Teachers_Standards_Dec_2021.pdf
- Education International and UNESCO. (2019). Global Framework of Professional Teaching Standards. https://issuu.com/educationinternational/docs/2019_ei-unesco_framework
- Government of India (2020a). National Education Policy 2020. https://www.education.gov.in/sites/upload_files/mhrd/files/NEP_Final_English_0.pdf
- Government of India. (2022b). The constitution of India. https: /cdnbbsr.s3waas.gov.in/s380537a945c7aaa788ccfcdf1b99b5d8f/uploads/2023/05/2023050195.pdf
- National Commission on Teachers. (1986). The Teacher and Society: Report of the National Commission on Teachers-I.
- National Council for Teacher Education. (2009). National Curriculum Framework for Teacher Education. New Delhi: NCTE.
- National Council of Educational Research and Training. (2005). National Curriculum Framework 2005. NCERT.
- National Council of Educational Research and Training. (2019). Teacher's Self-Assessment. https://ncert.nic.in/pdf/announcement/TSAR.pdf
- National Qualifications Authority. (2021). Teacher Standards for the UAE. https://tls.moe.gov.ae/Downloads/SNSC%20standards%20teachers%20English.pdf
- The Right to Free and Compulsory Education Act. (2009). (Gazette Extraordinary), Ministry of Law and Justice, Government of India, New Delhi. https: /righttoeducation.in/sites/default/files/Right%20of%20Children%20to%20Free%20and%20Compulsory%20Education%20Act%202009%20(English).pdf
- Verma, J.S. (2013). Report of the Committee on Amendments to Criminal Law, 2013. New Delhi. https://adrindia.org/sites/default/files/Justice_Verma_Amendmenttocriminallaw_Jan2013.pdf

NCTE-Acad013/2/2021-O/o US(Acad.)-HQ    31st August 2021

**OFFICE ORDER (Revised)**

It is decided to constitute a committee of the following members on National Professional Standards for Teachers (NPST) within NCTE. The committee would examine the relevance of para 5.20 of NEP 2020 and devise an appropriate strategy for developing & designing a National document on NPST.

| Sl. No. | Name & Address | Designation |
|---|---|---|
| 1. | Prof. CK Saluja, (Rtd). CIE, DU. New Delhi, | Chair |
| 2. | Prof. Anil Kumar Shukla. VC. KMCL University. Lucknow, UP | Member |
| 3. | Dr. Shakila T Shamshu. former OSD. DONE. MoE. New Delhi | Member |
| 4. | Prof Padma Sarangpani, TISS. Maharashtra | Member |
| 5. | Prof. Ranjana Arora, NCERT, New Delhi | Member |
| 6. | Prof K Ramchandran (Rdt) NIEPA. New Delhi | Member |
| 7. | Dr. Vishwajit Saha, Director CBSE. New Delhi | Member |
| 8. | Dr. Robin Chetri, SCERT, Gangtok, Sikkim | Member |
| 9. | Ms. Ramya Vcnkatraman. CENTA, Bangalore, Karnataka | Member |
| 10. | Shri. D K Chaturvedi, Under Secretary. NCTE. New Delhi | Convener |
| 11. | Dr. Parul. Senior Academic Consultant, NCTE, New Delhi | Co-convener |

2. Terms of Reference: -

i. Formulation of pragmatic aspects of the policy of NEP on NPST and Cross linking.

ii. Evolving guideline for the establishment of National Centre for Teachers Quality (NCTQ) under NPST at NCTE lig.. New Delhi.

iii. Structured plan of Action on Implementation of NPST and State grading formula.

iv. Review of data of digital consultations institutional consultation on NPST and developing strategy for National/ State level consultation for preparing this national document.

v. There are many countries which have the mechanism of National Professional Standards for Teachers (NPST). Mapping of NPST of these and some other countries and Development& Design of a draft framework on NPST.

vi. Extensive review of the inputs collected during the consultation period across the country will be done by the expert committee.

Cont. Pg 2/-

vii. The committee will then undertake a review of the areas of the teacher activities requiring common/current competency level of teachers. The committee will finally formulate the draft going through the several revisions before the NPST Draft is released for public review. Comments by the reviewers from amongst the stakeholders will then be used to prepare a final draft for notification.

viii. Preparation of a Self-Development Guide/Assessment Tools on NPST will also be designed for successful implementation of NPST. This will also include the teacher's professional role and responsibility in terms of quality because of the teacher's growing role beyond the classroom, achievement of standards as well underlying teachers's participation in decision to the education matter at the school/district/sale/national level.


ix. Ensuing Completion of all tasks within 3 months, so as to implement NPST from Academic Session 2022-23.

x. Any other point found relevant to NPST implemention as per the directive of NEP 2020.

xi. To hold discussion/meeting with other stakeholders whenever necessary. The Committee may consult/co-opt teachers / Principals/ Experts as when required.

xii. TA/DA/Sitting fees shall be paid as per the NCTE Rules. The NCTE would provide the secretarial assistance as per requirement.

3. This has approval of the competent authority.



**(Kesang Y. Sherpa)**
**Member Secretary**

Copy to-

1) PS to CP for information please.

2) Deputy Secretary/Under Secretary, GA/Academic/Accounts/EDP, NCTE.

3) Copy to all concerned.

4) Guard file.

गुरूर्गुरूतमो धाम

NCTE

કોપીરાઈટ

આ દસ્તાવેજ અને તમામ વિગતવાર કરેલ પ્રક્રિયાઓ શિક્ષક માટે રાષ્ટ્રીય પરિષદ શિક્ષણની બૌદ્ધિક મિલકત અને કૉપિરાઇટ દ્વારા સુરક્ષિત છે.

બધા હકો અમારી પાસે રાખેલા છે.

Language consultancy and translation facilitated by
**National Translation Mission**
**Central Institute of Indian Languages, Mysore**

गुरूर्गुरूतमो धाम
NCTE

રષ્ટ્રીય શિક્ષક શિક્ષણ પરિષદ
(ભારત સરકારની એક વૈધાનિક સંસ્થા)
National Council for Teacher Education
(A Statutory Body of Government of India)